

# દિવ્ય જીવન: એક ચિંતન



રુહિ સંસ્થા





પુસ્તક ૧

# દિવ્ય જીવન : એક ચિંતન

રૂહિ સંસ્થા

આ શ્રેણીના પુસ્તકો :

રૂહિ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલા વર્તમાન શિર્ષકો નીચે મુજબ છે. આ પુસ્તકોનો ઉદ્દેશ યુવાનો અને વયસ્કાને તેમના સમુદાયોની સેવા કરવા માટેની તેમની ક્ષમતાનો વિકાસ કરવાના પધ્ધતિસર પ્રયત્નમાં પાઠયક્રમોની મુખ્ય શ્રેણી તરિકે ઉપયોગ કરવાનો છે. રૂહિ સંસ્થા પાઠયક્રમોના એક એવા સેટનો પણ વિકાસ કરી રહેલ છે જે બહાઈ બાળવર્ગના શિક્ષકોની તાલીમ માટે આ શ્રેણીના ત્રીજા પુસ્તકમાંથી શાખાના રૂપમાં વિકાસ પામે છે, તેની સાથે કિશોર જૂથોના અનુપ્રેરકો તૈયાર કરવા માટે પાંચમાં પુસ્તકમાંથી બીજા એક સેટનો શાખાના રૂપમાં વિકાસ થાય છે. આ બધાનો પણ નીચેની સુચિમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક વાતની નોંધ લેવી જોઈએ કે, ક્ષેત્રમાંથી પ્રાપ્ત અનુભવને આધારે સુચિમાં ફેરફાર થઈ શકે છે, અને જેમ જેમ વિકસિત થઈ રહેલા અનેક પાઠયક્મો એવા તબક્કે પહોંચતા જાય કે જયારે તેને વિશાળ પાયે ઉપલબ્ધ કરાવી શકાય તેમ તેમ, તેમાં નવા શિર્ષકોનો ઉમેરો કરવામાં આવશે.

| | |
|---|---|
| પુસ્તક ૧ | દિવ્ય જીવન : એક ચિંતન |
| પુસ્તક ૨ | સેવા માટે ઉત્થાન |
| પુસ્તક ૩ | બાળ વર્ગનું આયોજન, ધોરણ ૧ |
| | બાળ વર્ગનું આયોજન, ધોરણ ૨ (શાખા પાઠયક્રમ) |
| | બાળ વર્ગનું આયોજન, ધોરણ ૩ (શાખા પાઠયક્રમ) |
| | બાળ વર્ગનું આયોજન, ધોરણ ૪ (શાખા પાઠયક્રમ) |
| પુસ્તક ૪ | જોડિયા અવતારો |
| પુસ્તક ૫ | કિશોરોની શક્તિઓને વિમુક્ત કરવી |
| | પ્રારંભિક જુસ્સો : રૂહિ ૫ નો પહેલો શાખા પાઠયક્રમ |
| | વર્તુળનું વિસ્તરણ કરવું : રૂહિ ૫ નો બીજો શાખા પાઠયક્રમ |
| પુસ્તક ૬ | પ્રભુધર્મનું શિક્ષણ |
| પુસ્તક ૭ | સેવાના માર્ગ પર સાથે મળીને ચાલવું |
| પુસ્તક ૮ | બહાઉલ્લાહની સંવિદા |
| પુસ્તક ૯ | ઐતિહાસિક દ્દષ્ટિકોણ પ્રાપ્ત કરવો |
| પુસ્તક ૧૦ | જીવંત સમુદાયોનું નિર્માણ |
| પુસ્તક ૧૧ | ભૌતિક સાધનો |
| પુસ્તક ૧૨ | (આગામી) |
| પુસ્તક ૧૩ | સામાજિક ક્રિયામાં સંલગ્ન થવું |
| પુસ્તક ૧૪ | (આગામી) |

Copyright © 2020 by the Ruhi Foundation, Colombia
All rights reserved. Edition 4.1.3.PE published in October 2020
Printed in India

Originally published in Spanish as Reflexiones sobre la vida del espíritu
Copyright © 1987, 1995, 2008, 2020 by the Ruhi Foundation, Colombia
ISBN 978-958-59880-3-3

Permission for a limited printing of this book in Gujarati
has been granted to Baha'i Training Institute of Gujarat by the Ruhi Institute.

Ruhi Institute
Cali, Colombia
Email: instituto@ruhi.org
Website: www.ruhi.org

Baha'i Training Institute of Gujarat
Baha'i Bhavan, Plot 395, Sector 30,
Gandhinagar, Gujarat - India 382030
Email: tibgujarat@ibnc.in

# અનુક્રમણિકા


ટ્યુટર માટે થોડા વિચારો........................... v

બહાઈ પવિત્ર લખાણોને સમજવું.................... ૧

પ્રાર્થના............................................. ૧૩

જીવન અને મૃત્યુ.................................. ૨૭

# ટયુટર માટે થોડા વિચારો

ઘણાં વર્ષોથી આખા વિશ્વમાં એવા સમુદાયોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે જેમાં રૂહિ સંસ્થા દ્વારા પ્રેરિત પાઠયક્રમોની શ્રેણીનું પ્રથમ પુસ્તક, દિવ્ય જીવન: એક ચિંતનનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. મોટાભાગના કિસ્સામાં, મિત્રોના એક જૂથ દ્વારા આ સાહિત્યનું વાંચન અને ચર્ચા કરવામાં આવે છે, જે એક અભ્યાસ વર્તુળની રચના કરી શકે છે, તેઓ કદાચ સઘન અભ્યાસ માટે આયોજિત એક અભિયાનમાં એક સાથે ભેગા થઈ શકે છે, અથવા શાળાના વેકેશન દરમિયાન એક શિબિરમાં ભેગા થઈ શકે છે. કોઈપણ અવસર હોય, તેમાં એક સભ્ય જૂથના એક ટયુટર તરિકેની ભૂમિકા ભજવે છે. ટયુટર અને બીજા સહભાગીઓ વચ્ચેનો સંબંધ શિક્ષક અને વિધાર્થીઓ વચ્ચેના સંબંધ જેવો હોતો નથી; બધા સભાનપણે એક પ્રક્રિયામાં સંલગ્ન હોય છે જેમાં દરેક જણ શીખવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તેની સાથે ટયુટર ચર્ચા માટે એક વિરક્ત અને નિષ્ક્રિય સહાયક હોતો નથી. શ્રેણીમાં પુરતી સંખ્યામાં પાઠયક્રમોનો અભ્યાસ પુરો કરીને અને આ પાઠયક્રમો પ્રોત્સાહન આપે છે એવા સેવા-કાર્યો હાથ ધરીને, તે અથવા તેણી અભ્યાસ કરવામાં આવતા સાહિત્યનો ઉદ્દેશ હાંસલ કરવામાં જૂથના દરેક સભ્યની સહાયતા કરવા સક્ષમ હોય છે. જેઓ પુસ્તક ૧ ના ટયુટર તરિકે કાર્ય કરે છે તેમના માટે, આ પ્રસ્તાવનામાં પ્રસ્તુત વિચારધારાઓનું સમયે સમયે પુનરાવર્તન કરવું ઉપયોગી બની શકે છે.

વિભિન્ન પાર્શ્વભૂમિમાંથી, વિશ્વભરમાંથી સહભાગીઓ આ પ્રથમ સંસ્થાન પાઠયક્રમમાં આવે છે. તેમાંથી કેટલાક બહાઈ સમુદાયના સભ્યો હોય છે જેઓ, તેમણેં જે પ્રભુધર્મનો અંગીકાર કર્યો છે તેની સેવા કરવાની ક્ષમતામાં વધારો કરવાની આશા રાખે છે. બીજાઓ આ પાઠયક્રમને એક ધર્મ તરિકે બહાઈ ધર્મની તેમની શોધની શરૂઆત તરિકે જુએ છે. આ ઉપરાંત બીજાઓ બહાઈ આદર્શોથી આકર્ષિત હોય છે અને તેઓ સમુદાયના ઉદ્દેશો અને પ્રયત્નો સાથે તેમનીજાતને પરિચિત કરવાની ઈચ્છા રાખે છે. અને તેમાં ખાસ કરીને વધતી જતી સંખ્યામાં એવા યુવાનો છે જેઓ, ઘણીવાર બહાઈ સમુદાય દ્વારા પ્રેરિત એક કે વધારે કાર્યક્રમો દ્વારા સમાજની સેવા કરવા માટેની તેમની ક્ષમતાનો વિકાસ કરવા ઈચ્છે છે, તેઓ પ્રારંભિક પગલું તરિકે પાઠયક્રમની શરૂઆત કરે છે.

શરૂઆતથી જ, દરેક સહભાગી માટે સ્પષ્ટ હોવું જોઈએ કે રૂહિ સંસ્થાના પાઠયક્રમો માનવતાની સેવાનો એક માર્ગ તૈયાર કરે છે, જેના પર આપણે દરેક જણ આપણી પોતાની ગતિ મુજબ ચાલીએ છીએ, બીજાની સહાયતા કરીએ છીએ અને બીજા દ્વારા સહાયતા મેળવીએ છીએ. આ માર્ગ પર ચાલવાનો સંબંધ બેવડો નૈતિક ઉદ્દેશના પ્રયત્ન સાથે જોડાયેલો છે: પોતાનો આધ્યાત્મિક અને બૌધિક વિકાસ હાંસલ કરવો તથા સમાજના પરિવર્તનમાં યોગદાન આપવું. આ માર્ગ પરની પ્રગતિમાં એવી અનેક કાર્ય-ક્ષમતાઓના વિકાસનો સમાવેશ થાય છે જેના માટે સમજદારી અને જ્ઞાન, આધ્યાત્મિક ગુણો અને પ્રસંશનીય વલણો, અને તેની સાથે ક્ષમતાઓ અને કૌશલ્યોની સેના જરૂરી છે. જ્ઞાનના જે સ્ત્રોતોમાંથી તાલીમ સંસ્થાના પુસ્તકો પ્રેરણા પ્રાપ્ત કરે છે તેમાં એક તરફ બહાઈ ધર્મના શિક્ષણો અને બીજી તરફ ભૌતિક અને આધ્યાત્મિક સંસ્કૃતિની અભિવૃધ્ધિ કરવામાં વિશ્વવ્યાપી બહાઈ સમુદાયના સંચિત અનુભવનો સમાવેશ થાય છે. તે બહાઉલ્લાહની એક વ્યક્તિ માટેની દિર્ઘદ્રષ્ટિ છે જેવા આપણે બની શકીએ છીએ તે અને એવી સંસ્કૃતિ જેનું આપણેં નિર્માણ કરી શકીએ છીએ, જે તાલીમ સંસ્થાને પ્રેરણા આપે છે. એવું માનવામાં આવે છે કે, બધા સહભાગીઓ, પછી તે કોઈપણ પાર્શ્વભૂમિમાંથી હોય, તેઓ આ દિર્ઘદ્રષ્ટિને આલિંગનમાં લેવા માટે ખુલ્લા હોય છે, જે દરેક પુસ્તકના દરેક એકમમાં સુસ્પષ્ટ છે.

એક એવી દુનિયા જયાં પંથો અને વિચારધારાઓ શક્ય એવું કોઈપણ રીતે અનુયાયીઓને જીતવાની ઈચ્છા રાખે છે ત્યાં, પ્રભુધર્મથી અપરિચિત એવી કોઈપણ વ્યક્તિ પાસે રૂહિ સંસ્થાના આશયો અંગે શુદ્ધ પ્રશ્નો હોઈ શકે છે, ''શું મને મારો ધર્મ બદલવાનું કહેવામાં આવે છે?'' અથવા ''શું મને એક ધર્મમાં જોડાવાનું કહેવામાં આવે છે?'' આવા પ્રશ્નો એક ટયુટરને ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે મુજબ પાઠયક્રમોની શ્રેણીના ઉદ્દેશનું વર્ણન કરવાનો અવસર પુરો પાડે છે. તેમના મિત્રો સમુદાયમાં જોડાય તે જોવા માટે બહાઈઓ આતુર હોય તે સહજ છે ત્યારે, એક ટયુટર ઉમેરી શકે છે કે તેમના શિક્ષણો, તેમને ધર્માંતરણમાં જોડાવાની મનાઈ કરે છે. સંસ્થાન પાઠયક્રમો દ્વારા શરૂ કરવામાં આવતો સેવાનો માર્ગ બહાઉલ્લાહના શિક્ષણની સદા દૃઢ થતી જતી સમજની માંગ કરે છે, જેને આ સાહિત્ય અસંદિગ્ધપણે પ્રગટ કરવાનો પ્રયત્ન કરે છે; સ્વીકાર અને આસ્થા એવી બાબતો છે જેના વિશે દરેક વ્યક્તિએ મુક્તપણે અને કોઈપણ પ્રકારના દબાણ વગર ચિંતન કરવું જોઈએ.

તેથી, તેમાં કોઈ આશ્ચર્ય નથી કે, તેનો સંબંધ સમજના પ્રશ્ન સાથે છે, જે આ શ્રેણીના બધા પુસ્તકોના કેન્દ્રમાં છે, જેની આ પહેલું પુસ્તક શરૂઆત કરે છે. પવિત્ર લખાણોંમાંથી વાંચવું એ એક વ્યક્તિ તેના જીવનકાળમાં જે હજારો પાનાનું વાંચન કરે છે તેના જેવું નથી, અને ''બહાઈ પવિત્ર લખાણોને સમજવું'' નામનો આ એકમ, દરરોજ પવિત્ર લખાણોંમાંથી અવતરણો વાંચવાની અને તેના અર્થ ઉપર ચિંતન કરવાની ટેવનો વિકાસ કરવાનો પ્રયત્ન કરે છે, એક એવી ટેવ જે સહભાગીઓ, જયારે સેવાના માર્ગે પદાર્પણ કરશે ત્યારે મોટેપાયે તેમની સહાયતા કરશે. તેના અભ્યાસમાં તેમને માર્ગદર્શન આપવા માટે, ટયુટરે સમજદારીના વિષય ઉપર મોટા પ્રમાણમાં ભાર આપવો જોઈએ.

બહાઈ લખાણોં ગહન આધ્યાત્મિક તથ્યો ધરાવે છે, અને જયારે આપણે આપણી સમજમાં વિકાસ કરવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે પણ, આપણે જાણીએ છીએ કે આપણે કદી અંતિમ ઉદ્દેશ સુંધી પહોંચી શકીશું નહિ. આપણે જયારે પહેલી વાર એક ફકરો વાંચીએ છીએ ત્યારે સામાન્ય રીતે આપણે તેના તાત્કાલિક અર્થની મુળભૂત સમજ પ્રાપ્ત કરીએ છીએ, અને એકમનો વિભાગ ૧ શરૂઆતના મુદ્દા તરિકે તેનો પ્રારંભ કરે છે. આવી રીતે, દાખલા તરિકે, ''દુનિયાની પ્રગતિ શુદ્ધ અને સારા કાર્યો, પ્રશંસનીય અને અનુકરણીય આચરણ દ્વારા સિધ્ધ કરી શકાય છે'', આ અવતરણનું વાંચન કર્યા પછી સહભાગીઓને સહજ રીતે પુછવામાં આવે છે કે, ''દુનિયાની પ્રગતિ કેવી રીતે સિધ્ધ કરી શકાય છે?'' પ્રથમ દૃષ્ટિએ આવા પ્રકારના મોટાભાગના પ્રશ્નો અને સ્વાધ્યાયો ખુબજ સરળ લાગે છે. પરંતું વર્ષોનો અનુભવ આવી રીતે શરૂઆત કરવાના તાલીમ સંસ્થાનના નિર્ણયને ઉચિત ઠેરવતો હોય એવું લાગે છે. આપણે બધાને યાદ રાખવાની જરૂર છે કે, એક ફકરામાં તથ્યોના સ્તરોને શોધવાની ઉતાવળમાં, મગજે તેના સ્પષ્ટ અર્થની અવગણના કરવી જોઈએ નહિ. સમજના આ પહેલા સ્તર પ્રત્યેનું ધ્યાન પણ જૂથ ચર્ચા માટે મહત્વપૂર્ણ સાબિત થાય છે; તે વિચારોની એકતાને દૃઢ કરે છે, જયારે વ્યક્તિગત વિચારોને દિવ્ય ડહાપણ દ્વારા પ્રકાશિત થવાની અનુમતિ આપવામાં આવે છે ત્યારે તેને સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય છે.

અહિં એક વાતની નોંધ લેવી મહત્વપૂર્ણ છે કે, મોટાભાગના ફકરાઓનો તાત્કાલિક અર્થ સમજવામાં વિષયવસ્તુની બહારની એક જ શબ્દ ઉપરની લાંબી ચર્ચા ઉપયોગી બનતી નથી. તે કહે છે કે, કોઈ અવસરે, એક જૂથ માટે શબ્દકોષમાં એક શબ્દનો અર્થ જોવો જરૂરી બની શકે છે. આમછતાં, સહભાગીઓ માટે, કેવી રીતે આખા વાક્યો અને ફકરાઓમાંથી શબ્દોનો અર્થ સમજવાનું શીખવું તે વધારે ફળદાયી બનશે.

તાત્કાલિક અર્થના ક્ષેત્રથી આગળ સમજનું વિસ્તરણ કરવા માટે, એવા ઉદાહરણો ઉપયોગી બની શકે છે જે, આ વિચારધારાઓ કેવી રીતે નક્કર અભિવ્યક્તિ મેળવે છે તે દર્શાવતા હોય. આ સંદર્ભમાં તે સરળ સ્વાધ્યાયોની માંગ કરે છે. ઉદાહરણ તરિકે, વિભાગ ૨ માં, સહભાગીઓ હમણાં જે અવતરણ વાંચી ગયા છે તેના પ્રકાશમાં, તેમને ચોક્કસ લક્ષણો પ્રસંશનીય છે કે નહિ તે નક્કી કરવાનું કહેવામાં આવ્યું છે. એ જ સ્વાધ્યાયના

વિભાગ ૪ માં, તેમને પાંચ ગુણોના નામ આપવાનું અને તેના પછી પવિત્ર લખાણોમાં વર્ણન કરવામાં આવ્યું છે તે મુજબ, સત્યવાદીતા ''બધા માનવીય ગુણોનો પાયો'' છે તેની ગેરહાજરીમાં, તેને પ્રાપ્ત કરવાનું શક્ય છે કે નહિ તેનો નિર્ણય કરવા પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

તેનો ઉદ્દેશ હાંસલ કરવા માટે, આ એકમ સહભાગીઓને પ્રસ્તુત ફકરાઓની કેટલીક અસરો અંગે વિચાર કરવાનો પડકાર આપીને સમજમાં વધારે વિકાસ કરવાની માંગ કરે છે. વિભાગ ૨ માં તેમણે, ''દુનિયામાં બહુ જ ઓછા સારા લોકો છે જેમના કાર્યોનો કોઈ પ્રભાવ પડતો નથી,'' આ વિધાન ખરૂ છે કે નહિ તે નક્કી કરવાનું જરૂરી છે. અહિં તેનો આશય માત્ર મંતવ્ય સ્પષ્ટ કરવાનો નથી. ટયુટરે થોડી વાર થોભીને સહભાગીઓના જવાબો માટેના કારણોની પુછપરછ કરવી જોઈએ. અનિવાર્યપણે આ વિધાન ખોટું હોવું જોઈએ કારણકે તે તેના પહેલાના વિભાગમાં આપેલ પહેલા અવતરણનો વિરોધ કરે છે એવા નિષ્કર્ષ ઉપર જૂથે પહોંચવું જોઈએ. શું બહાઈઓએ તેમના પાપોની ક્ષમા માટે તેની કબુલાત કરવી જોઈએ કે નહિ, આ પ્રશ્ન પણ એવા પ્રકારના સ્વાધ્યાયનું એક ઉદાહરણ છે. તે પાપમુક્તિનું એક માધ્યમ તરિકે કબુલાત કરવાની વિરૂદ્ધમાં શિક્ષણોમાં આપેલ મનાઈનો સંદર્ભ આપે છે, જેનો અભ્યાસ કરવામાં આવતા કોઈપણ ફકરાઓમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવમાં આવ્યો નથી, અને ''તારા જીવતરનો હિસાબ રજુ કરવા બોલાવવામાં આવે તે પહેલાં તું પોતે જ તારો દરરોજનો હિસાબ મેળવતો જા'', આ શ્લોકના અર્થના વિશ્લેષણ દ્વારા તેની સમજ પ્રાપ્ત કરી શકાય છે.

એકમનો સ્વાધ્યાય કોઈપણ રીતે ચર્ચા કરવામાં આવતા ફકરાઓમાં વિદ્યમાન અર્થની શ્રેણીને સિમિત કરવાનો પ્રયત્ન કરતો નથી. દરેક ટયુટરે એક પ્રશ્નનો વિચાર કરવો જોઈએ કે, આપેલા કોઈપણ સ્વાધ્યાય માટે કેટલા પ્રમાણમાં ચર્ચા થવી જોઈએ. અહિં એક વાત ધ્યાનમાં રાખવી મહત્વપૂર્ણ છે કે, અનેક એવા સબંધિત પરંતું બહારના ખ્યાલોની રજુઆત દ્વારા લંબાવવામાં આવતી ચર્ચાઓ સાહિત્યની અસરકારકતામાં ઘટાડો કરવા તરફ લઈ જાય છે. દરેક જૂથે પ્રગતિના એક વાજબી લયની સ્થાપના કરવાની જરૂર હોય છે; સહભાગીઓએ એક વિશિષ્ટ સમજની અનુભૂતિ કરવી જોઈએ કે તેઓ તેમની પોતાની સંભવનાઓ મુજબ સતત પ્રગતિ કરી રહ્યા છે. આમછતાં, સ્વાધ્યાયોનું વિચારશીલ વિશ્લેષણ કર્યા વિના ઝડપથી અને ઉપરછલ્લી રીતે વિભાગો પુરા કરવામાં નહિ આવે તેનું ટયુટરે ધ્યાન રાખવું જોઈએ; જે જૂથો માત્ર જવાબો લખીને, આવી રીતે આગળ વધે છે તેઓ કદી કાયમી પરિણામો પ્રાપ્ત કરતા નથી.

એક અંતિમ મુદ્દો થોડો વિચાર માંગી લે છેઃ દરેક સહભાગી આ સાહિત્ય દ્વારા પ્રેરિત શીખવાની પ્રક્રિયામાં સલગ્ન રહે તે સુનિશ્ચિત કરવાનું કાર્ય ટયુટર ઉપર નિર્ભર છે. કોઈ વ્યક્તિને બોલવાની ફરજ પાડયા વગર તેના સહભાગીને પ્રોત્સાહન આપવું તે ઘણીવાર પડકારજનક હોય છે. શરૂઆતથી જ એક વાત સમજી લેવી જોઈએ કે, ''તમારા મતે તેનો અર્થ શું છે ?'' જેવા પ્રશ્નો દ્વારા આવા પ્રડકારોનો ભાગ્યે જ ઉકેલ લાવી શકાય છે. આવા પ્રકારના પ્રશ્નો જ્ઞાન અને સત્યને મંતવ્યના સ્તર સુંધી ઘટાડો કરવા તરફ લઈ જાય છે. અને તેના પછી એવા વાતાવરણનું નિર્માણ કરવું કઠીન પુરવાર થાય છે જે જૂથના સભ્યો વચ્ચેનો પરામર્શ, વાસ્તવમાં વધતી જતી સમજમાં વધારો કરે છે.

પહેલા એકમની જેમ, આ પુસ્તકનો બીજો એકમ, આધ્યાત્મિક જીવન માટે આવશ્યક એવી એક ટેવઃ નિયમિત પ્રાર્થના કરવા સાથે સંબંધિત છે. શરૂઆતના વિભાગમાં તે એવું સુચન આપીને ''સેવાના માર્ગ''ના ખ્યાલની સ્પષ્ટતા કરે છે કે, આ માર્ગે ચાલવા માટે, આપણે બેવડા ઉદ્દેશથી પ્રેરિત થવું જોઈએ. સહભાગીઓ એવા અવતરણોના પ્રારંભિક સેટનું વિશ્લેષણ કરે છે જે આ ઉદ્દેશના સ્વરૂપ વિશે અંતઃદૃષ્ટિ પ્રદાન કરે છે, એક એવો વિષય જેની ભાવિ પાઠયક્રમોમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

આ વિષયની પૃષ્ઠભૂમિની સામે આ એકમ પ્રાર્થનાનું મહત્વનું વિશ્લેષણ કરે છે. તે એવા જ પ્રકારનો અભિગમ અપનાવે છે જેનું પહેલાના ફકરાઓમાં વર્ણન કરવામાં આવ્યું છે. પ્રશ્નો અને સ્વાધ્યાયની રચના કરવામાં આવી છે કે જેથી પવિત્ર લખાણોમાંથી અભ્યાસ કરવામાં આવી રહેલા અવતરણોના અર્થની સમજમાં વધારો થઈ શકે. એકમ દરમિયાન જૂથ જેમ જેમ પ્રગતિ કરતું જાય છે તેમ તેમ, અર્થઘટનો અને ભૂતકાળની પ્રથાઓમાં ઘર કરી ગયેલી ધારણાઓનું વિશ્લેષણ દ્વારા શંકાઓને દૂર કરવું ટયુટર માટે જરૂરી બની શકે છે. કેટલીક પરંપરાઓમાં, ક્રિયાકાંડ અને પ્રથાઓએ ધીરેધીરે અંતરની સ્થિતિના મહત્વનું સ્થાન લઈ લીધું છે, અને અનેક લોકો પ્રાર્થનાની જરૂરીયાતનો ઈન્કાર કરે છે, જે માનવ આત્મા માટે, શરીરના પોષણ માટે જેવી રીતે ખોરાકની જરૂર હોય છે તેના કરતાં ઓછું મહત્વનું નથી.

તેથી, બધાથી આગળ, આ એકમ સહભાગીઓમાં ''ઈશ્વર સાથે વાર્તાલાપ'' કરવાની અને તેનું સાંનિધ્ય પ્રાપ્ત કરવાની ઈચ્છા જાગૃત કરવાની આશા રાખે છે. તેમાં જે વિચારધારાઓની ચર્ચા કરવામાં આવી છે તેમાં, પ્રાર્થનાની સ્થિતિમાં પ્રવેશ કરવાનો અર્થ શું છે, આપણે પ્રાર્થના કરતા હોઈએ ત્યારે આપણા હૃદય અને મનના કેવા હાવભાવ હોવા જોઈએ, અને આપણી આજુબાજુ જે પ્રકારના વાતાવરણનું નિર્માણ કરવું જોઈએ તેનો સમાવેશ થાય છે, પછી આપણે એકલા પ્રાર્થના કરતા હોઈએ કે એક સભામાં. વાસ્તવમાં, સામુદાયિક ઉપાસના દ્વારા ઉત્પન્ન થતી શક્તિઓ ઉપર થોડો વિચાર કર્યા પછી, સહભાગીઓને પ્રાર્થના અને ભક્તિ માટેની એક સભાનું આયોજન કરવાનો વિચાર કરવાનું કહેવામાં આવે છે.

એવી આશા રાખવામાં આવે છે કે, આ પુસ્તકનો ''જીવન અને મૃત્યુ'' નામનો ત્રીજો એકમ, સેવાના માર્ગ પર ચાલવાની વચનબધ્ધતાને પ્રબળ કરશે અને તેને વધારે ગહન અર્થ પ્રદાન કરશે. આ દુનિયામાં સેવાને એવા જીવનના સંપૂર્ણ સંદર્ભમાં ઉત્તમ રીતે સમજી શકાય છે, જે આપણા દુન્યવી અસ્તિત્વથી આગળ જાય છે, અને ઈશ્વરના સામ્રાજયો દરમિયાન આપણા આત્માઓ જેમ જેમ પ્રગતિ કરતા જાય છે તેમ તેમ હંમેશા ચાલુ રહે છે. શિક્ષણની પ્રક્રિયામાં, જે તકનિકી તાલીમથી વિપરિત છે તે મુજબ, સહભાગીઓ શું કરી રહ્યા છે તેનો અર્થ અને મહત્વ અંગે તેમણે ઉત્તરોત્તર વધારે પ્રમાણમાં સભાન થવું જોઈએ. અનુભવ દર્શાવે છે કે, જયારે તેઓ તેમની જાતને તેમના પોતાના જ્ઞાનના એક સક્રિય, જવાબદાર ''માલિક'' તરિકે જોવા લાગે છે ત્યારે જ માત્ર આવી સભાનતામાં વધારો થાય છે.

આ એકમના દરેક વિભાગની બહાઈ લખાણોમાંથી એક થી ત્રણ અવતરણો સાથે શરૂઆત થાય છે, અને તેના પછી થોડા સ્વાધ્યાયો હોય છે. આ એકમમાં આપવામાં આવેલા ફકરાઓની ભાષા પહેલાના બે એકમોની ભાષા કરતાં વધારે પડકારજનક છે. નિઃશક, જૂથ માટે કઠીન શબ્દો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર નથી; ટયુટર સુનિશ્ચિત કરવાની ઈચ્છા રાખશે કે દરેક જણ દરેક વિભાગમાં પ્રસ્તુત મુખ્ય વિચારધારાની સમજ પ્રાપ્ત કરે છે, જેને ચોક્કસપણે સ્વાધ્યાયો બહાર લાવવાનો પ્રયત્ન કરે છે.

વિષયના સ્વરૂપને ધ્યાનમાં રાખતા, સ્વાધ્યાયોમાં જૂજ અને ખૂબજ ઓછા નક્કર ઉદાહરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એક વાતની નોંધ કરવી જોઈએ કે, સ્વાધ્યાયમાં આપવામાં આવેલા કેટલાક પ્રશ્નોનો ચોક્કસ રીતે ઝડપથી જવાબ આપી શકાતો નથી. તે વિષયને લગતી જાગૃતિમાં વધારો કરવા માટે આપવામાં આવેલા છે ; જો સહભાગીઓ આવા પ્રશ્નો વિશે માત્ર વિચાર કરશે, તો શીખવાનો ઉદ્દેશ પરિપૂર્ણ થશે.

શરૂઆતના કેટલાક વિભાગો આત્મા અને શરીર વચ્ચેના સંબંધ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે સાથે મળીને અસ્તિત્વના આ સંસારમાં માનવ જીવનની રચના કરે છે. આ વિભાગોમાં પ્રસ્તુત મુખ્ય વિચારધારા આ છે કે આત્મા કોઈ ભૌતિક વસ્તુ નથી; શરીર સાથેના તેના સંબંધની એવા પ્રકાશ સાથે સરખામણી કરી શકાય છે જે એક અરિસામાં પ્રગટ થાય છે. તેની સપાટી પરની ધૂળ કે અરિસાનો વિનાશ તેના પ્રકાશના તેજને પ્રભાવિત કરી

શકતો નથી. મૃત્યું તો માત્ર પરિસ્થિતિનો એક બદલાવ છે, જયારે શરીર અને આત્મા વચ્ચેનો સંબંધ તૂટી જાય છે ; તેના પછી, આત્મા તેના સર્જનહાર તરફ અનંત પ્રગતિ કરતો રહે છે.

તેના પછી આ એકમ જીવનનો ઉદ્દેશ : ઈશ્વરને ઓળખવાનો અને તેનું સાંનિધ્ય પ્રાપ્ત કરવાનો, તેને લગતા પ્રશ્ન તરફ વળે છે. અહિં ચર્ચા બે વ્યાપક વિષયોની ફરતે પરિભ્રમણ કરે છે. પહેલો વિષય છે આ દુનિયામાં આપણા જીવનનો ઉદ્દેશ, અને બીજો છે મૃત્યુ પછીની આત્માની યાત્રા. આત્મા ઈશ્વરનું એક ચિન્હ છે અને તે તેના બધા નામો અને ગુણોને પ્રતિબિંબિત કરી શકે છે. પરંતું માનવ અસ્તિત્વમાં તેની શક્તિ શુષુપ્ત હોય છે ; તેને માત્ર ઈશ્વરના અવતારોની મદદથી જ વિકસિત કરી શકાય છે, તેઓ એવી પવિત્ર વિભૂતિઓ છે જેઓ માનવજાતને માર્ગદર્શન આપવા માટે સમયે સમયે આવે છે. તેઓ જે આધ્યાત્મિક શિક્ષણ આપે છે તેના દ્વારા, આપણામાં છૂપાયેલા ખજાનાઓને પ્રગટ કરી શકાય છે.

મૃત્યુ પછીની આત્માની યાત્રાના સંદર્ભમાં, સહભાગીઓના ચિંતન માટે વિચારધારાની એક શ્રેણી પ્રસ્તુત કરવામાં આવી છે ; કે આપણાં પૈકી કોઈપણ વ્યક્તિ કયારેય આપણા પોતાના વિશે જાણી શકશે નહિ અને તેથી, આપણે એકબીજાને ક્ષમા કરવી જોઈએ અને બીજા કરતાં પોતે શ્રેષ્ઠ હોવાનો અહેસાસ કરવો જોઈએ નહિ ; કે બીજી દુનિયામાં, આ દુનિયાની જેમ, આત્મા સતત પ્રગતિ કરતો રહેશે અને આપણે અહિં જે આધ્યાત્મિક શક્તિઓનો વિકાસ કરીએ છીએ તે, આપણને ત્યાં મદદ અને સહાયતા કરશે ; કે પરલોકમાં આપણે આપણા પ્રિયજનોને ઓળખીશું, આ દુનિયામાં આપણા જીવનને યાદ કરીશું, તથા પવિત્ર અને પાવન આત્માઓ સાથેની સંગતનો આનંદ માણીશું.

બહાઉલ્લાહના લખાણોમાંથી લેવામાં આવેલા એક અવતરણ સાથે આ એકમ પુરો કરવામાં આવે છે જેમાં આપણને બીજી દુનિયાના લાભોની ખાતરી આપવામાં આવે છે અને આ જીવનના બદલાવો અને ઘટનાઓથી દુ :ખી થવાની અનુમતિ નહિ આપવાની વિનંતી કરે છે. તેના પછી, સહભાગીઓને તેમના પોતાના જીવન માટે, તેઓ જેનો અભ્યાસ કરી ગયા છે તેના અમલીકરણ પર ચિંતન કરવાનું કહે છે.



# બહાઈ પવિત્ર લખાણોને સમજવું

### ઉદ્દેશ

દરરોજ પવિત્ર લખાણોંમાંથી ફકારાઓ વાંચવાની અને તેના અર્થ ઉપર ચિંતન કરવાની ટેવને મજબૂત કરવી.

# વિભાગ ૧

આ એકમનો ઉદ્દેશ દરરોજ પવિત્ર લખાણોંમાંથી ફકારાઓ વાંચવાની અને તેના અર્થ ઉપર ચિંતન કરવાની ટેવને મજબૂત કરવામાં તમારી સહાયતા કરવાનો છે. આ એકમની એક સરળ સ્વાધ્યાય સાથે શરૂઆત થાય છે જે તમને પવિત્ર લખાણોમાંથી એક વાક્યનું વિધાન વાંચવાનું અને એક પ્રશ્નનો પ્રતિભાવ આપવાનું કહે છે, જેનો જવાબ વિધાન જ હોય છે. તેનો અમલ કરવાનું સરળ હોવા છતાં, આ સ્વાધ્યાય તમને તેમાં આપેલા વિધાનોના અર્થ ઉપર ચિંતન કરવા અને તેને મોઢે કરવામાં તમારી મદદ કરશે.

**''દુનિયાની પ્રગતિ શુધ્ધ અને સારા કાર્યો, પ્રશંસનીય અને અનુકરણીય આચરણ દ્વારા સિધ્ધ કરી શકાય છે.''[૧]**

૧. દુનિયાની પ્રગતિ કેવી રીતે સિધ્ધ કરી શકાય? ____________________

____________________

____________________

**''સાવધ રહો, હે બહાના લોકો! તમે તેમના રસ્તે નહિ ચાલો જેમની કથની અને કરનીમાં અંતર છે.''[૨]**

૨. આપણે કોના રસ્તે નહિ ચાલવું જોઈએ? ____________________

____________________

____________________

**''હે અસ્તિત્વના પુત્ર! તારા જીવતરનો હિસાબ રજુ કરવા બોલાવવામાં આવે તે પહેલાં તું પોતે જ તારો દરરોજનો હિસાબ મેળવતો જા.''[૩]**

૩. આપણને આપણા જીવતરનો હિસાબ રજુ કરવા બોલાવવામાં આવે તે પહેલાં આપણે શું કરવું જોઈએ? ____________________

____________________

**''કહો, હે બંધું! શબ્દોને નહિ પરંતું કાર્યોને તારૂં આભૂષણ બનાવ.''[૪]**

૪. આપણું સાચું આભૂષણ શું હોવું જોઈએ? ____________________

____________________

**''પવિત્ર શબ્દ તથા શુધ્ધ અને સારા કાર્યો દિવ્ય સૌંદર્યના સ્વર્ગ તરફ ઉર્ધ્વગમન કરે છે.''[૫]**

૫. પવિત્ર શબ્દ તથા શુધ્ધ અને સારા કાર્યો શું કરે છે? ____________________

____________________

# વિભાગ ૨

તમે હમણાં જે અવતરણો વાંચી ગયા તેની સાથે સબંધિત ઘણાં સ્વાધ્યાયો નીચે આપેલા છે. તેનો ઉદ્દેશ તમારા જૂથમાં આ ફકરાઓનું મહત્વ ઉપર આગળની ચર્ચા કરવામાં તમારી મદદ કરવાનો છે અને તેને યાંત્રિક રીતે પુરો કરવો જોઈએ નહિ. તેનો અર્થ એવો નથી કે, દરેક સ્વાધ્યાય માટે મોટા પ્રમાણમાં ચર્ચા જરૂરી છે. આમછતાં, જયારે સ્વાધ્યાય પડકારરૂપ હોય ત્યારે, તેનું વિસ્તારથી વિશ્લેષણ કરવામાં તમારા જૂથનો ટયુટર તમારી સહાયતા કરશે.

૧. જયારે કંઈક ''પ્રશંસનીય'' હોય છે ત્યારે, તે વખાણ કરવાને લાયક હોય છે. નીચેના પૈકી શું પ્રશંસનીય છે ?

--- એક સારા કામદાર બનવું

--- બીજાનો આદર કરવો

--- મહેનતું બનવું

--- એક જુઠ્ઠો બનવું

--- આળસુ બનવું

--- બીજાની સેવા કરવી

૨. ''જીવતરનો હિસાબ રજુ કરવા બોલાવવામાં આવે તે પહેલાં'' આ વાક્યનો શું અર્થ છે ? ___________

_______________________________________________

૩. નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ?

--- દુનિયામાં ખુબજ ઓછા સારા લોકો છે જેમના કાર્યોનો કોઈ પ્રભાવ પડતો નથી.

--- કોઈ બાબત ત્યારે સાચી હોય છે જયારે તે બીજા લોકોના અભિપ્રાયો સાથે સુસંગત હોય છે.

--- કોઈ બાબત ત્યારે સાચી હોય છે જયારે તે ઈશ્વરના શિક્ષણો સાથે સુસંગત હોય છે.

૪. નીચેના પૈકી કયા વિધાનો શદ્ધ અને સારા છે ?

--- બાળકોની સંભાળ રાખવી અને શિક્ષણ આપવું.

--- ચોરી કરવી

--- બીજાની પ્રગતિ માટે પ્રાર્થના કરવી

--- મુસીબતથી બચવા માટે નાનકડું જુઠુ બોલવું

--- બીજાની મદદ કરવી અને ઈનામની અપેક્ષા રાખવી

૫. નીચેના પૈકી કઈ પરિસ્થિતિઓમાં વ્યક્તિના શબ્દો અને તેના કે તેણીના કાર્યો વચ્ચે અંતર હોય છે ?

--- કોઈ વ્યક્તિ વારંવાર પુનરાવર્તન કરતો રહે છે કે આપણે સંગઠિત રહેવું જોઈએ પરંતું તે એવી રીતે વર્તન કરે છે જે સંઘર્ષનું સર્જન કરે છે.

--- કોઈ વ્યક્તિ શુધ્ધ જીવનનું મહત્વનું ગુણગાન કરે છે પરંતું તે વિવાહ બહારનો સંબંધ રાખે છે.

--- કોઈ વ્યક્તિ પ્રસંગોપાત દારૂ પીએ છે, અને એવી એક ધાર્મિક શ્રધ્ધાનું અનુસરણ કરવાનો દાવો કરે છે જે દારૂ પીવાની મનાઈ કરે છે.

--- કોઈ વ્યક્તિ સ્ત્રી અને પુરૂષની સમાનતાની હિમાયત કરે છે પરંતું, એક માલિક તરિકે, તે એક સમાન કાર્ય માટે સ્ત્રીઓને ઓછો પગાર ચુકવે છે.

૬. શું એક બહાઈને બીજી વ્યક્તિ સમક્ષ (પાપમાંથી મુક્તિ માટે) કબુલાત કરવાની અનુમતિ છે ? ________

________________________________________

૭. તેણેં કબુલાત કરવાને બદલે શું કરવું જોઈએ ? ________________________________

________________________________________

૮. ''દિવ્ય સૌંદર્યનું સ્વર્ગ'' આ વાક્યાંશનો અર્થ શું છે ? ____________________________

________________________________________

૯. આ દુનિયા ઉપર ખરાબ કાર્યોની શું અસર થાય છે ? ____________________________

________________________________________

૧૦. જે વ્યક્તિ ખરાબ કાર્યો કરે છે તેની તેના પોતાના ઉપર શું અસર થાય છે ? ________________

________________________________________

## વિભાગ ૩

હવે પવિત્ર લખાણોમાંથી લેવામાં આવેલા નીચેના અવતરણો ઉપર ચિંતન કરો. તેના પછી તેને મોઢે કરવાનો પ્રયત્ન કરો.

**''સત્યવાદીતા બધા જ માનવીય ગુણોનો પાયો છે.''**[૬]

૧. બધા માનવીય ગુણોનો પાયો શું છે ? ________________________________

________________________________________

**''સત્યવાદીતા વિના ઈશ્વરની બધી દુનિયાઓમાં કોઈપણ આત્મા માટે પ્રગતિ અને સફળતા અશક્ય છે.''**[૭]

૨. સત્યવાદીતા વિના શું અશક્ય છે ? ________________________________

________________________________________

**''હે લોકો ! તમારી જીભને સત્યવાદીતાના સૌંદર્યથી શણગારો અને તમારા આત્માને ઈમાનદારીના આભૂષણથી સુશોભિત કરો.''**[૮]

૩. આપણે આપણી જીભને શેનાથી શણગારવી જોઈએ ? ____________________________

________________________________________

૪. આપણે આપણા આત્માને શેનાથી સુશોભિત કરવું જોઈએ ? ________________________

________________________________________

**''તમારી આંખને પવિત્ર, હાથને વફાદાર, જીભને સત્યવાદી અને તમારા હૃદયને પ્રકાશિત થવા દો.''**[૯]

૫. આપણી આંખ કેવી હોવી જોઈએ? ________________ આપણા હાથ? ________________
આપણી જીભ ? ________________ આપણું હૃદય? ________________

**''તે જેઓ ઈશ્વરની છત્રછાયા હેઠળ નિવાસ કરે છે અને શાશ્વત મહિમાના આસન ઉપર બિરાજમાન છે તેઓ ભુખથી મરી રહ્યા હોવા છતાં, તેમના હાથ લંબાવવાનો અને તેમના પડોશીની સંપતિને ગેરકાયદેસર રીતે ઝુંટવી લેવાનો ઈન્કાર કરી દેશે, પછી તે ગમે તેટલો અધમ કે મુલ્યહિન હોય.''**[૧૦]

૬. આપણે ભુખથી મરી રહ્યા હોવા છતાં, આપણે શેનો ઈન્કાર કરવો જોઈએ? ________________
________________________________________
________________________________________

## વિભાગ ૪

તમે વિભાગ ૨ માં કદાચ નોંધ લીધી હશે કે, કેટલાક સ્વાધ્યાયો ચોક્કસ જવાબની માંગ કરે છે. એવા કિસ્સામાં, જો જવાબ વિશે કોઈ શંકા હોય તો તમારા જૂથના ટયુટર તમને અને તમારા સાથી સહભાગીઓને વિચારોની એકતા પ્રાપ્ત કરવામાં મદદ કરશે. બીજા સ્વાધ્યાયો માટે, તે ચર્ચા જ છે તે મુલ્યવાન છે, અને કોઈ એક ચોક્કસ જવાબની અપેક્ષા રાખવામાં આવતી નથી. નીચેના પૈકી, સ્વાધ્યાય ૩ પહેલા પ્રકારનો છે, જયારે સ્વાધ્યાય ૬ બીજા પ્રકારમાં આવે છે.

૧. સત્યવાદીતા બધા જ માનવીય ગુણોનો પાયો છે. પાંચ ગુણો લખો. ________________
________________________________________
________________________________________

૨. શું આપણે સત્યવાદીતા વિના આ ગુણો પ્રાપ્ત કરી શકીએ છીએ? ________________

૩. નીચેના પૈકી કયા વિધાનો સાચા છે?

___ એક વ્યક્તિ ન્યાયી હોઈ શકે છે, ભલે તે જુઠ્ઠુ બોલતો હોય.

___ કોઈ વ્યક્તિ ચોરી કરે છે તેના હાથ વફાદાર છે.

___ એક વફાદાર હાથ કયારેય તેને અડતો નથી, જે તેનું પોતાનું નથી.

___ અશ્લીલ સાહિત્ય જોવું એ, બહાઉલ્લાહના એક શુદ્ધ આંખ ધારણ કરવાના ઉપદેશની વિરૂદ્ધ છે.

___ સત્યવાદીતા એટલે જુઠ્ઠુ નહિ બોલવું.

___ ઈમાનદારી આત્માનું એક આભૂષણ છે.

___ એક વ્યક્તિ જે સત્યવાદી નથી તે આધ્યાત્મિક પ્રગતિ કરી શકે છે.

___ અમુક વખત જુઠ્ઠુ બોલવું યોગ્ય છે.

--- જો કોઈ ભુખ્યું હોય તો, ચોરી કરવી એ ઈશ્વરની નજરમાં સ્વીકાર્ય છે.

--- વસ્તુના માલિકની મંજૂરી વિના, એમ વિચારીને કોઈ વસ્તુ લેવી કે, આપણે પછીથી તે પાછી આપી દઈશું, તો તે ચોરી નથી.

--- જયારે આપણે ઈમાનદારીથી વર્તીએ છીએ અને નિષ્પક્ષ અને સત્યવાદી હોઈએ છીએ ત્યારે આપણું હૃદય પ્રકાશિત હોય છે.

૪. શું પોતાની જાત સાથે જુઠ્ઠુ બોલવું શક્ય છે ? ________________

૫. જયારે આપણે જુઠ્ઠુ બોલીએ છીએ ત્યારે આપણે શું ગુમાવીએ છીએ ? ________________

________________

૬. જો આપણે બધા સત્યવાદી અને ઈમાનદાર હોત તો આ દુનિયા કેવી હોત ? ________________

________________

________________

________________

## વિભાગ ૫

નીચેના અવતરણો વાંચો અને તેને મોઢે કરવાનો પ્રયત્ન કરો. પવિત્ર લખાણોમાંથી અવતરણો મોઢે કરવા એ ખુબજ લાભદાયી છે અને તેના માટે તમારે શક્ય એવા મહત્તમ પ્રયત્નો કરવા જોઈએ. નિઃશક, દરેક વ્યક્તિ સરળતાથી ફકારાઓ મોઢે કરી શકતી નથી. આમછતાં, તેનો પ્રયત્ન, વિચારધારાઓને આપણા હૃદય અને મનમાં અંકિત કરી લેવામાં અને તેને મુળ વિષયથી શક્ય એટલા નજીકના શબ્દોમાં વ્યક્ત કરવામાં આપણી મદદ કરે છે.

**''વિનમ્ર વાણી માનવ હૃદયનો લોહમણી છે. તે ચેતનાનો ખોરાક છે, તે શબ્દોને અર્થરૂપી વસ્ત્રથી સજાવે છે, તે ડહાપણ અને સમજદારીના પ્રકાશનો ફુવારો છે.''[૧૧]**

૧. વિનમ્ર વાણીનું કેવી રીતે વર્ણન કરી શકાય છે ? ________________

________________

________________

________________

૨. વિનમ્ર વાણીની શબ્દો ઉપર શું અસર પડે છે ? ________________

________________

**''હે તમે પ્રભુના પ્રેમીઓ ! આ પવિત્ર ધર્મકાળમાં, સંઘર્ષ અને વિવાદની કોઈ પણ રીતે મંજૂરી નથી. દરેક આક્રમક તેનીજાતને ઈશ્વરની કૃપાથી વંચિત રાખે છે.''[૧૨]**

૩. ઉપરોક્ત અવતરણ મુજબ, આ ધર્મકાળમાં શેની મંજૂરી નથી ? ________________

________________

૪. આક્રમક પોતાની જાત સાથે શું કરે છે ? ________________

________________

**''આ 'દિવસ'માં કોઈ બાબત પ્રભુધર્મને એટલી હાની પહોંચાડી શકતી નથી જેટલી ઈશ્વરના પ્રિયજન વચ્ચેનો ઝગડો અને કલહ, વિવાદ, અણમેળ અને ઉદાસીનતા હાનિ પહોંચાડી શકે છે.''**[૧૩]

૫. કઈ પરિસ્થિતિઓ ઈશ્વરના ધર્મને સૌથી વધારે હાનિ પહોંચાડી શકે છે ? ____________________

______________________________________________________________________

______________________________________________________________________

**''ફક્ત શબ્દોમાં જ મિત્રતા બતાવીને સંતુષ્ટ નહિ રહો, જે કોઈ તમારા માર્ગમાંથી પસાર થાય તે બધા માટે, પ્રેમાળ કરૂણાથી તમારા હૃદયને સળગી ઉઠવા દો.''**[૧૪]

૬. આપણે કયા પ્રકારની મિત્રતાથી સંતુષ્ટ રહેવું જોઈએ નહિ ? ____________________________

______________________________________________________________________

૭. આપણા હૃદયમાં શું તેજસ્વીપણેં સળગી ઉઠવું જોઈએ ? ________________________________

______________________________________________________________________

**''જ્યારે યુધ્ધનો વિચાર આવે ત્યારે શાંતિના એક પ્રબળ વિચારથી તેનો વિરોધ કરો. ધિક્કારના વિચારનો પ્રેમના વધારે શક્તિશાળી વિચારથી નાશ કરવો જોઈએ.''**[૧૫]

૮. યુધ્ધના વિચારનો શેનાથી વિરોધ કરવો જોઈએ ? ___________________________________

______________________________________________________________________

૯. ધિક્કારના વિચારનો શેનાથી નાશ કરવો જોઈએ ? ________________________________

______________________________________________________________________

# વિભાગ ૬

ઉપરોક્ત અવતરણોને ધ્યાનમાં રાખીને, નીચેનો સ્વાધ્યાય પુરો કરો :

૧. ''લોહમણી'' એ લોહચુંબક માટેનો બીજો શબ્દ છે. કેવી રીતે એક વિનમ્ર વાણી એક લોહમણી જેવું કાર્ય કરે છે ? ____________________________________________________________

______________________________________________________________________

૨. નીચેના પૈકી કયા વિધાનો એક વિનમ્ર વાણીમાંથી નિકળે છે ?

___ ''મને હેરાન નહિ કરો !''

___ ''આ તમે કેમ સમજતા નથી ?''

___ ''મહેરબાની કરીને, તમે થોડી રાહ જોશો ?''

___ ''કેટલા શૈતાન બાળકો છે !''

___ ''આભાર, તમે ખુબ દયાળુ છો.''

___ ''હમણાં મારી પાસે તમારા માટે કોઈ સમય નથી. હું વ્યસ્ત છુ.''

૩. નીચેના પૈકી કઈ પરિસ્થિતિઓમાં સંઘર્ષ અને વિવાદ જોવા મળે છે ?

___ પરામર્શ દરમિયાન બે લોકો અલગ અલગ વિચારો વ્યક્ત કરે છે.

___ પરામર્શ દરમિયાન બે લોકો નારાજ થઈ જાય છે અને એકબીજા સાથે દલીલ કરે છે.

___ બે લોકો સાપ્તાહિક ભક્તિ સભામાં ભાગ લેવાનું બંધ કરી દે છે કારણકે તેઓ એકબીજા સાથે બોલતા નથી.

___ એક યોજનામાં સહયોગ આપતી ટીમના સભ્યો ફરીયાદ કરતા રહે છે, તેમાંથી દરેક સભ્ય કહે છે કે બીજાઓ તેમનું કાર્ય કરતા નથી.

૪. નીચેના પૈકી કઈ પરિસ્થિતિઓ અણમેળના ચિન્હો દર્શાવે છે ?

___ બે મિત્રો રસ્તામાં એકબીજા પાસેથી પસાર થાય છે પરંતું તેઓ એકબીજાની અવગણના કરે છે.

___ કોઈ વ્યક્તિ ભક્તિ સભામાં આવે છે, અને દરેક વ્યક્તિ તેનું ઉમળકાભેર અભિવાદન કરે છે.

___ એક જુથના બે સભ્યો એકબીજા પ્રત્યે વિનમ્ર હોવા છતાં, તેઓ સાથે મળીને એક યોજનામાં સહભાગી થવાની આનાકાની કરે છે.

૫. નીચેના વિધાનો ખરા છે કે નહિ તે નક્કી કરો :

___ એક વ્યક્તિ બીજા વિશે જેવું વિચારે છે એવું જ કહી દેવું જોઈએ; જો તેનાથી તેમના હૃદયને દુ:ખ થાય છે તો, તેમાં કોઈ વાંધો નથી.

___ વિવાદથી બચવા માટે જુઠ્ઠુ બોલવું યોગ્ય છે.

___ પ્રેમ અને દયાભાવથી વિવાદને દૂર કરી શકાય છે.

___ જ્યારે શબ્દોને પ્રેમથી બોલવામાં આવે છે ત્યારે તે વધારે અસરકારક હોય છે.

___ જો કોઈ શરૂ કરે તો તેની સાથે લડાઈ કરવી યોગ્ય છે.

___ જો કોઈ બીમાર કે દુ:ખી હોય તો બીજા સાથે કઠોર વર્તન કરવાનો તેને અધિકાર છે.

___ જો બીજા ખોટું કરતા હોય ત્યારે તેમના પર હસવું એ નિર્દયતા નથી.

___ જયારે મિત્રો વચ્ચે ગેરસમજ ઊભી થાય ત્યારે, તેમાંથી દરેકે એકબીજાની નજીક જવાનો ખાસ પ્રયત્ન કરવો જોઈએ.

___ જયારે મિત્રો વચ્ચે ગેરસમજ ઊભી થાય ત્યારે, બીજી વ્યક્તિ નજીક આવવાનો પ્રયત્ન કરે ત્યાં સુંધી દરેકે રાહ જોવી જોઈએ.

## વિભાગ ૭

નીચેના અવતરણો વાંચો અને તેને માઢે કરો.

**''નિંદા હૃદયના પ્રકાશને ઓલવી નાંખે છે, અને આત્માના જીવનને બુઝાવી દે છે.''**[૧૬]

**''તું સ્વયં પાપી છે ત્યાં સુધી બીજાઓનાં પાપનો ઉચ્ચાર ન કર.''[૧૭]**

**''અનિષ્ટ ન બોલ જેથી તારા માટે બોલાયેલ અનિષ્ટ તને સાંભળવામાં નહિ આવે, અને બીજાના દોષોને મોટા કરી ન બતાવ જેથી તારા પોતાના દોષો મોટા નહિ દેખાય.''[૧૮]**

**''હે અસ્તિત્ત્વના પુત્ર ! કેવી રીતે તેં તારાં પોતાનાં દોષો ભૂલી અને બીજાઓનાં દોષો સાથે પોતાની જાતને વ્યસ્ત કરી લીધી છે ?''[૧૯]**

૧. જે નિંદા કરે છે તેના પર નિંદાની શું અસર થાય છે ?____________________

________________________________________

૨. બીજાના પાપનો ઉચ્ચાર કરતાં પહેલાં આપણે શેના વિશે વિચાર કરવો જોઈએ ? __________

________________________________________

૩. જો આપણેં બીજાના દોષોને મોટા કરીને બતાવીશું તો આપણી સાથે શું થશે ?____________

________________________________________

૪. બીજાના દોષો વિશે વિચાર કરતી વખતે આપણે શું યાદ રાખવું જોઈએ ?______________

________________________________________

## વિભાગ ૮

ઉપરોક્ત અવતરણોને ધ્યાનમાં રાખીને, નીચેનો સ્વાધ્યાય પુરો કરો :

૧. જે વ્યક્તિ બીજાના દોષો ઉપર તેનું ધ્યાન કેન્દ્રિત કરે છે, તેના આત્માની પ્રગતિનું શું થાય છે ?

________________________________________

________________________________________

૨. એક સમુદાય ઉપર નિંદાની શું અસર થાય છે ?________________________

________________________________________

૩. જયારે એક મિત્ર બીજી વ્યક્તિના દોષો વિશે વાત કરવાનું શરૂ કરે છે ત્યારે તમે શું કરો છો ?______

________________________________________

૪. નીચેના વિધાનો ખરા છે કે નહિ તે નક્કી કરો :

___ જયારે આપણે બીજાના વાસ્તવિક દોષો વિશે વાત કરીએ છીએ ત્યારે, આપણે નિંદા કરતા નથી.

___ જયારે આપણે એક વ્યક્તિના પ્રશંસનીય ગુણો અને તેના દોષોની એક સાથે વાત કરીએ છીએ ત્યારે, આપણે નિંદા કરતા નથી.

___ આપણા સમાજમાં નિંદા એક રિવાજ બની ગયો છે, અને તેને દુર કરવા માટે આપણે શિસ્તનો વિકાસ કરવો જોઈએ.

___ જો સાંભળનાર વચન આપે કે, તમે બીજી વ્યક્તિ વિશે તેને જે કંઈ કહેશો તેના વિશે બીજા કોઈને કહેશે નહિ તો, નિંદા કરવામાં કોઈ નુકશાન નથી.

___ નિંદા એ એકતાનો સૌથી મોટો એક દુશ્મન છે.

___ જો આપણેં હંમેશા બીજા વિશે વાત કરવાની ટેવ પાડીશું તો, આપણે સરળતાથી નિંદા કરવામાં સપડાઈ જઈશું.

___ જયારે એક સ્થાનિક આધ્યાત્મિક સભામાં, એક સમિતીના સભ્યોના નામ નક્કી કરવા માટે, અલગ અલગ લોકોની ક્ષમતાઓ વિશે ચર્ચા કરવામાં આવે છે તો, તે નિંદા છે.

___ જયારે આપણને નિંદા કરવાની તીવ્ર ઈચ્છા થાય ત્યારે, આપણે આપણાં પોતાના દોષોને યાદ કરવું જોઈએ.

___ જો આપણે જાણતા હોઈએ કે, કોઈ એક વ્યક્તિ એવું કંઈક કરી રહ્યો છે જેનાથી પ્રભુધર્મને નુકશાન થઈ રહ્યું હોય તો, તેના વિશે આપણેં સમુદાયના સભ્યો સાથે ચર્ચા કરવી જોઈએ.

___ જો આપણેં જાણતા હોઈએ કે, કોઈ વ્યક્તિ એવું કંઈક કરી રહ્યો છે જેનાથી પ્રભુધર્મને નુકશાન થઈ રહ્યું હોય તો, તેના વિશે આપણેં સ્થાનિક આધ્યાત્મિક સભાને જાણ કરવી જોઈએ.

___ વિવાહિત દંપતિ માટે બીજાના દોષો વિશે વાત કરવામાં કશું ખોટું નથી કારણકે તેમણેં એકબીજાથી કશું છુપાવવું જોઈએ નહિ.

## વિભાગ ૯

શરૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યું છે તે મુજબ, આ એકમનો ઉદ્દેશ, દરરોજ પવિત્ર લખાણોંમાંથી ફકારાઓ વાંચવાની અને તેના અર્થ ઉપર ચિંતન કરવાની તેમની ટેવને મજબૂત કરવામાં સહભાગીઓની સહાયતા કરવાનો છે. દરરોજ સવારે અને સાંજે પવિત્ર લખાણોમાંથી શ્લોકોનું વાંચન કરવું એ બહાઉલ્લાહનું એક શિક્ષણ છે જે આપણાં આધ્યાત્મિક વિકાસ માટે ઉપયોગી છે. નીચેનો ફકરો, આ કર્તવ્ય પુરૂં કરવાથી આપણેં જે કૃપા પ્રાપ્ત કરીએ છીએ તેનું આપણને સ્મરણ કરાવે છે, અને તેને મોઢે કરવા માટે તમને પ્રોત્સાહન આપવામાં આવે છે :

**‘‘તમારી જાતને મારા શબ્દોના મહાસાગરમાં ડુબાડી દો, જેથી તમે તેના રહસ્યો અનાવરિત કરી શકો અને તેના ઊંડાણમાં છૂપાયેલા ડહાપણના બધા મોતી શોધી શકો છો.’’**[૨૦]

આ એકમ પુરો કરતાં, તમે કદાચ બહાઉલ્લાહના લખાણોનું એક પુસ્તક મેળવવાની અને તેમાંથી દરરોજ વાંચવાની ઈચ્છા રાખી શકો છો. ગૂઢ વચનો એક પહેલી અને સારી પસંદગી છે.

# સંદર્ભ સૂચી


૧. બહાઉલ્લાહ, ધ એડવેન્ટ ઑફ ડિવાઈન જસ્ટિસમાં શોઘી એફેન્દી દ્વારા આપવામાં આવેલ સંદર્ભમાંથી

૨. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૧૩૬

૩. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી નં.૩૧

૪. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, ફારસી નં.૫

૫. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, ફારસી નં.૬૯

૬. અબ્દુલબહા, ધ એડવેન્ટ ઑફ ડિવાઈન જસ્ટિસમાં શોઘી એફેન્દી દ્વારા આપવામાં આવેલ સંદર્ભમાંથી

૭. અબ્દુલબહા, ધ એડવેન્ટ ઑફ ડિવાઈન જસ્ટિસમાં શોઘી એફેન્દી દ્વારા આપવામાં આવેલ સંદર્ભમાંથી

૮. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૧૩૬

૯. ટૅબ્લેટ્સ ઑફ બહાઉલ્લાહ રિવિલ્ડ આફટર કિતાબ-એ-અકદસ

૧૦. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૧૩૭

૧૧. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૧૩૨

૧૨. વિલ એન્ડ ટેસ્ટામેન્ટ ઑફ અબ્દુલબહા

૧૩. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૫

૧૪. પેરિસ ટૉકસ, અબ્દુલબહા દ્વારા ૧૬ અને ૧૭ ઓકટોબર ના રોજ આપવામાં આવેલ એક વક્તવ્યમાંથી

૧૫. પેરિસ ટૉકસ, અબ્દુલબહા દ્વારા ૨૧ ઓકટોબર ના રોજ આપવામાં આવેલ એક વક્તવ્યમાંથી

૧૬. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૧૨૫

૧૭. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી નં.૨૭

૧૮. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, ફારસી નં.૪૪

૧૯. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી નં.૨૬

૨૦. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૭૦



# પ્રાર્થના

## ઉદ્દેશ

પ્રાર્થનાનું મહત્વ વિશે ચિંતન કરવું અને
નિયમિત પ્રાર્થના કરવાની ટેવને મજબૂત કરવી

## વિભાગ ૧

રૂહિ સંસ્થાના પાઠયક્રમોનો ઉદ્દેશ સેવાના માર્ગ પર ચાલવામાં સહભાગીઓની મદદ કરવાનો છે. આપણે ઉદ્દેશની બેવડી સમજ: આધ્યાત્મિક અને બૌધિક રીતે વિકાસ કરવાની અને સમાજના પરિવર્તનમાં યોગદાન આપવાની, દ્વારા પ્રેરિત થઈને આ માર્ગ પર ચાલીએ છીએ. આપણા ઉદ્દેશના આ બે તત્વો એકબીજાથી અવિભાજય છે. બહાઉલ્લાહ એક અવતરણમાં આપણને ઉપદેશ આપે છે :

**''તમારી જાતને તમારી પોતાની જ ચિંતાઓમાં વ્યસ્ત નહિ રાખો, તમારા વિચારોને તેના ઉપર કેન્દ્રિત થવા દો જે માનવજાતના ભાવિનું પુન:નિર્માણ કરશે તથા માનવ હૃદયો અને આત્માઓને પાવન કરશે.''[૧]**

બીજા એક અવતરણમાં, તેઓ સ્પષ્ટ કરે છે :

**''...જે ઉદ્દેશ માટે મનુષ્યોને, શુન્યાવકાશમાંથી, અસ્તિત્વ જગતમાં લાવવામાં આવ્યા છે, તે આ છે કે તેઓ દુનિયાની પ્રગતિ માટે કાર્ય કરી શકે તથા સંપ અને સુમેળથી સાથે મળીને રહી શકે.''[૨]**

આપણી આંતરિક સ્થિતિના સંદર્ભમાં, તેઓ ઘોષિત કરે છે :

**''એક શુદ્ધ હૃદય એક અરિસા જેવું હોય છે; તેને પ્રેમ અને ઈશ્વર સિવાય બધી ચીજોથી અનાસક્તિના તેજથી શુદ્ધ કરો, કે જેથી તેમાં સાચો સુર્ય ચમકી શકે અને શાશ્વત સવારનો ઉદય થાય.''[૩]**

અબ્દુલબહા આપણને કહે છે :

**''તમારા હૃદયો શુદ્ધ અને તમારા આશયો નિર્મળ હોવા જોઈએ કે જેથી તમે દિવ્ય ઉપહારોના પ્રાપ્તકર્તા બની શકો.''[૪]**

૧. આપણા વિચારો અને ચિંતાઓનું કેન્દ્ર શું હોવું જોઈએ? ______________________________

____________________________________________________________

____________________________________________________________

૨. કયા ઉદ્દેશથી આપણને શુન્યાવકાશમાંથી, અસ્તિત્વ જગતમાં લાવવામાં આવ્યું છે? ______________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૩. આપણે શેનાથી આપણા હૃદયના અરિસાને શુદ્ધ કરવું જોઈએ? ______________________________

____________________________________________________________

____________________________________________________________

૪. એવી કેટલીક પરિસ્થિતિઓ કઈ છે જે દિવ્ય આશીર્વાદોને આકર્ષે છે? ______________________

____________________________________________________________

____________________________________________________________

૫. શું નીચેના પૈકી કોઈ વાક્ય સાચુ છે ?

___ સૌથી પહેલાં તમારે તમારો પોતાનો ખ્યાલ રાખવો જોઈએ, અને તેના પછી તમે બીજાનો ખ્યાલ રાખી શકો છો.

___ જો તમે હંમેશા બીજાની મદદ કરો છો તો, અંતે તમે તમારા પોતાના ઉદ્દેશો પરથી તમારૂં ધ્યાન ગુમાવી દેશો.

___ તમે તમારા સૌથી નજીકના મિત્ર છો.

___ સૌથી મહત્વપૂર્ણ છે, તમને શું ખુશી આપે છે તે શોધી કાઢવાનું.

___ તમારા સપનાનું અનુસરણ કરો, અને તે તમને ખુશી તરફ લઈ જશે.

___ જયાં સુંધી તમે બીજાને દુ:ખ પહોંચાડતા નથી ત્યાં સુંધી, તમે શું કરો છો તેમાં કોઈ વાંધો નથી.

___ તમે થોડું ઘણું સારૂં કરો છો ત્યાં સુંધી, તમારા ઉદ્દેશોમાં સ્વાર્થી બનવું યોગ્ય છે.

## વિભાગ ૨

આપણો બેવડો ઉદ્દેશના કેન્દ્રમાં દ્રઢવિશ્વાસ એ છે કે આપણા બધાનું સર્જન કુલીન છે. બહાઉલ્લાહ કહે છે :

**''હે આત્મા પુત્ર! મેં તને શ્રીમંત સર્જ્યો છે, તું શા માટે તારી જાતને દરિદ્રતામાં લઈ જાય છે? મેં તને કુલીન બનાવ્યો છે, તું શા માટે તારી જાતને અપમાનીત કરે છે? જ્ઞાનના સત્ત્વમાંથી મેં તને અસ્તિત્ત્વ આપ્યું છે, તું શા માટે મારા સિવાય અન્યની પાસે જ્ઞાનના પ્રકાશની ઝંખના રાખે છે? પ્રેમની માટીમાંથી મેં તારી રચના કરી છે, તું મારા સિવાય બીજામાં કેવી રીતે વ્યસ્ત થઈ શકે છે? તું તારા પોતાના અંતરમાં જો, કે જેથી શક્તિશાળી, સમર્થ, સ્વનિર્ભર એવો મને તું તારી અંદર ઊભેલો જોઈ શકે.''**[૫]

નીચેની ખાલી જગ્યા પુરવાનો સ્વાધ્યાય આપને આ અવતરણ પર ચિંતન કરવામાં મદદ કરશે.

''હે આત્મા પુત્ર! મેં તને _______ સર્જ્યો છે, તું શા માટે તારી જાતને _______માં _______ છે? મેં તને _______ બનાવ્યો છે, તું શા માટે તારી જાતને _______કરે છે? _______ના _______માંથી મેં તને અસ્તિત્ત્વ આપ્યું છે, તું શા માટે મારા સિવાય અન્યની પાસે જ્ઞાનના પ્રકાશની ઝંખના રાખે છે? પ્રેમની માટીમાંથી મેં તારી રચના કરી છે, તું _______સિવાય બીજામાં કેવી રીતે ____________ થઈ શકે છે? તું _______પોતાના _______માં જો, કે જેથી _________,_______, __________ એવો _______ તું તારી અંદર ઊભેલો જોઈ શકે.''

આપણા આત્માની કુલીનતા પ્રત્યેની સચ્ચાઈ માટે, આપણેં આપણા જીવનના સ્ત્રોત તરફ વળવું જોઈએ અને તેમના તરફથી પ્રકાશ પ્રાપ્ત કરવો જોઈએ. તેને પ્રાપ્ત કરવાની સૌથી આકર્ષક એક રીત છે પ્રાર્થના દ્વારા. પ્રભુધર્મના સંરક્ષક, શોઘી એફેન્દી આપણને કહે છે કે મુખ્ય ઉદ્દેશ છે ''આધ્યાત્મિક ગુણો અને શક્તિઓની પ્રાપ્તિ દ્વારા વ્યક્તિ અને સમાજનો વિકાસ કરવાનો. તે મનુષ્યનો આત્મા છે જેને સૌથી પહેલાં ખોરાક આપવો જોઈએ. અને પ્રાર્થના ઉત્તમ રીતે આ આધ્યાત્મિક પોષણ આપી શકે છે.''[૬]

## વિભાગ ૩

ઈશ્વર સર્વજ્ઞાની છે, સર્વબુધ્ધિમાન છે. તેણેં આપણું સર્જન કર્યું છે અને તે જાણે છે કે આપણા હ્રદયમાં શું છે અને આપણા માટે ઉત્તમ શું છે. તેને આપણી પ્રાર્થનાઓની જરૂર નથી. તો પછી શા માટે આપણે પ્રાર્થના કરીએ છીએ ?

અબ્દુલબહા કહે છે :

**''સર્વોચ્ચ પ્રાર્થનામાં, મનુષ્ય ફક્ત ઈશ્વરના પ્રેમને ખાતર પ્રાર્થના કરે છે, નહિ કે તેને ઈશ્વરની કે નર્કની બીક છે, અથવા કૃપા કે સ્વર્ગની આશા છે... જ્યારે એક મનુષ્ય બીજા મનુષ્યને પ્રેમ કરે છે ત્યારે તેના માટે તેના પ્રિયતમના નામનું સ્મરણ કરવાથી દુર રહેવાનું અશક્ય હોય છે. જ્યારે મનુષ્ય ઈશ્વરને પ્રેમ કરવા માટે આવ્યો છે ત્યારે તેના નામનું સ્મરણ કરવાથી દુર રહેવું તેના માટે કેટલું વધારે મુશ્કેલ છે... આધ્યાત્મિક મનુષ્ય ઈશ્વરનું સ્મરણ કરવા સિવાય બીજી કોઈ બાબતમાં ખુશી મેળવતો નથી.''**[૭]

અને એક પ્રશ્નના પ્રતિભાવમાં, તેઓ સમજાવે છે :

**''જો એક મિત્ર બીજાને પ્રેમ કરે છે, તો શું એ સ્વભાવિક નથી કે તેને તેના વિશે કહેવાની ઈચ્છા થાય ? તેને ખબર છે કે તેનો મિત્ર તેના પ્રેમ વિશે જાણે છે, છતાં શું તેને તેના મિત્રને તેના વિશે કહેવાની ઈચ્છા નથી થતી ?... એ સાચુ છે કે ઈશ્વર બધા હ્રદયોની ઈચ્છાઓ જાણે છે; પરંતુ પ્રાર્થના કરવાની ઉત્પ્રેરણા સ્વભાવિક છે, જે મનુષ્યના ઈશ્વર પ્રત્યેના પ્રેમમાંથી ઉદ્‌ભવે છે.''**[૮]

૧. નીચેના વાક્યો પુરા કરો :

ક. ________ પ્રાર્થનામાં, આપણે ફક્ત ઈશ્વરના _______ ને ખાતર _______ કરીએ છે, નહિ કે આપણાને ઈશ્વરની કે _______ની બીક છે, અથવા _______ કે _______ ની આશા છે.

ખ. જયારે આપણે બીજી વ્યક્તિને _______ કરીએ છીએ ત્યારે આપણા માટે આપણા _______ ના નામનું _______ કરવાથી દુર રહેવાનું અશક્ય હોય છે. જયારે મનુષ્ય ઈશ્વરને _______ કરવા માટે આવ્યો છે ત્યારે તેના _______નું સ્મરણ કરવાથી દુર રહેવું તેના માટે કેટલું _____________ છે.

ગ. આધ્યાત્મિક મનુષ્ય ઈશ્વરનું _______ કરવા સિવાય બીજી કોઈ બાબતમાં _______ મેળવતો નથી.

૨. આપણે શા માટે પ્રાર્થના કરીએ છીએ ? ____________________________________

____________________________________________________

૩. 'ઈશ્વરનું સ્મરણ' આ વાક્યાંશનો અર્થ શું છે ? ______________________________

____________________________________________________

૪. એક વ્યક્તિ બીજાને પ્રેમ કરે છે ત્યારે તેની સૌથી તીવ્ર ઈચ્છા શું હોય છે ? ______________

____________________________________________________

૫. પ્રાર્થના કરવાની ઉત્પ્રેરણા શેમાંથી ઉત્પન્ન થાય છે ? ____________________________

____________________________________________________

## વિભાગ ૪

બહાઉલ્લાહ દ્વારા પ્રગટીત એક પ્રાર્થનામાં, આપણે વાંચીએ છીએ:

**‘‘હું તને યાચના કરૂં છું, કે તું મારી પ્રાર્થનાને એવી અગ્નિ બનાવ કે તે એવા પડદાઓને બાળી નાંખે જેણે મને તારા સૌદર્યથી વંચિત રાખ્યો છે અને એવો પ્રકાશ બનાવ જે મને તારી ઉપસ્થિતિના મહાસાગર તરફ દોરી જાય.’’[૯]**

એજ પ્રાર્થનામાં આપણે ઈશ્વરને વિનંતી કરીએ છીએ:

**‘‘મારી પ્રાર્થનાને, હે મારા પ્રભુ, તું જીવન જળનું એક ઝરણું બનાવ કે જેના દ્વારા, જ્યાં સુંધી તારી સાર્વભૌમ સત્તા રહે ત્યાં સુંધી હું જીવતો રહું અને તારા દરેક લોકમાં તારૂં સ્મરણ કરતો રહું.’’[૧૦]**

૧. કયા સંદર્ભમાં પ્રાર્થના અગ્નિ જેવી હોઈ શકે છે ? તે કોને બાળી નાંખે છે ? ______________________

__________________________________________

૨. એવા કેટલાક પડદાઓનો ઉલ્લેખ કરો જે આપણને ઈશ્વરથી વંચિત રાખે છે : ______________________

__________________________________________

__________________________________________

૩. શું પ્રાર્થના એક પ્રકાશ જેવી હોઈ શકે છે ? તે આપણને કયાં દોરી જાય છે ? ______________________

__________________________________________

__________________________________________

૪. શું પ્રાર્થના જીવન જળનું ઝરણું જેવું હોઈ શકે છે ? તે આપણા આત્માને શેની બક્ષીસ આપે છે ?

__________________________________________

__________________________________________

__________________________________________

## વિભાગ ૫

અબ્દુલબહાના નીચેના શબ્દો વાંચો અને ચિંતન કરો:

**‘‘અસ્તિત્વના સંસારમાં પ્રાર્થના કરતાં વધારે મધુર બીજું કશુંજ નથી. મનુષ્યએ પ્રાર્થનાની સ્થિતિમાં જીવવું જોઈએ. સૌથી આશીર્વાદિત સ્થિતિ છે પ્રાર્થના અને વિનંતીની સ્થિતિ. પ્રાર્થના ઈશ્વર સાથેનો વાર્તાલાપ છે. સવોત્તમ ઉપલબ્ધિ કે મધુરત્તમ સ્થિતિ ઈશ્વર સાથેના વાર્તાલાપ સિવાય બીજી કોઈ નથી. તે આધ્યાત્મિકતાનું સર્જન કરે છે, સભાનતા અને સ્વર્ગીય અનુભૂતિનું સર્જન કરે છે, દિવ્ય લોકનું નવું આકર્ષણ ઉત્પન્ન કરે છે અને ઉચ્ચત્તરની બુદ્ધિમત્તાનું સર્જન કરે છે.’’[૧૧]**

૧. અસ્તિત્વના સંસારમાં મધુરત્તમ સ્થિતિ કઈ છે ? ______________________

__________________________________________

૨. ''પ્રાર્થનાની સ્થિતિ'' વાક્યાંશનો અર્થ શું છે ? ______________________________

______________________________

______________________________

૩. પ્રાર્થના દ્વારા ઉત્પન્ન થતા કેટલાક ગુણો જણાવો : ______________________________

______________________________

______________________________

૪. આ કેટલાક વિભાગોમાં તમે જે અવતરણોનો અભ્યાસ કરી ગયા છો તેનું પુનરાવર્તન કરો અને પ્રાર્થના વિશે થોડા વાક્યો લખો.

— પ્રાર્થના ______________________________

— પ્રાર્થના ______________________________

— પ્રાર્થના ______________________________

— પ્રાર્થના ______________________________

— પ્રાર્થના ______________________________

## વિભાગ ૬

બહાઉલ્લાહના નીચેના શબ્દો વાંચો અને તેના ઉપર મનન કરો :

**''હે મારા સેવક, તને પ્રાપ્ત થયેલા ઈશ્વરના શ્લોકોનું એવી રીતે ગાન કર, જેવી રીતે તેમણેં ગાન કર્યું છે જેઓ તેની સમીપ આવ્યા છે, કે જેથી તારા શુરનું માધુર્ય તારા પોતાના આત્માને પ્રદિપ્ત કરી શકે અને બધા મનુષ્યોના હૃદયોને આકર્ષિત કરે. જે કોઈ તેના અંગત કક્ષમાં ઈશ્વર દ્વારા પ્રગટીત શ્લોકનું પઠન કરે છે, સર્વશક્તિશાળીના ચોમેર ફેલાયેલા દેવદૂતો, તેના મુખેથી ઉચ્ચારિત શબ્દોની સુગંધને ચોતરફ ફેલાવશે, અને દરેક સદાચારી મનુષ્યના હૃદયને સ્ફૂરણા આપવાનું કારણ બનશે. શરૂઆતમાં, ભલે તે તેની અસરથી અજાણ રહે છતાં, વહેલાં કે મોડા તેના ઉપર વરસાવેલી કૃપાએ તેના આત્મા ઉપર તેનો પ્રભાવ પાડવો જ રહ્યો. આવી રીતે ઈશ્વરના પ્રગટીકરણના રહસ્યો તેની ઈચ્છા દ્વારા આદેશિત છે, જે શક્તિ અને બુદ્ધિમતાનો સ્ત્રોત છે.''[૧૨]**

૧. ''ગાન'' શબ્દનો અર્થ શું છે ? ______________________________

______________________________

૨. કેવી રીતે આપણે ઈશ્વરના શ્લોકોનું ગાન કરવું જોઈએ ? ______________________________

______________________________

______________________________

______________________________

૩. ''પઠન'' શબ્દનો અર્થ શું છે ? ______________________________

________________________________________

૪. ''ફેલાવવું'' શબ્દનો અર્થ શું છે ? ______________________________

________________________________________

૫. આપણા શુરના માધુર્યનો આપણા પોતાના આત્માઓ ઉપર શું અસર પડશે ? ____________

________________________________________

૬. આપણા શુરના માધુર્યનો બીજાઓના હૃદયો ઉપર શું અસર પડશે ? ____________

________________________________________

## વિભાગ ૭

તમે બહાઉલ્લાહ દ્વારા પ્રગટીત એક પ્રાર્થનામાંથી નીચેના બે ફકરાઓ મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો :

**''હે પરમેશ્વર, મારા પરમેશ્વર! તું મારી આશાઓ અને કૃત્યો તરફ ન જો, બલ્કે સ્વર્ગ અને પૃથ્વીને આવરી લેતી તારી ઈચ્છા તરફ જો. તારા પરમ મહાન નામની સોગંધ, હે તું બધા રાષ્ટ્રોના પ્રભુ! મેં તે જ ઈચ્છયું છે જે તેં ઈચ્છયું છે અને મને તે જ પ્રિય છે જે તને પ્રિય છે.''[૧૩]**

**''જે તારા સામિપ્યના સ્વર્ગમાં આરોહણ કરવા માટે તારી નિકટ આવ્યા છે તેમના દ્વારા થતા યશોગાન કરતાં પણ ખુબજ ઊંચે છે, કે જેઓ તને સમર્પિત છે તેમના હૃદયપંખી પણ તારા દરવાજાના દ્વાર સુંધી પહોંચી શકતા નથી. હું સાક્ષી છું કે તું બધા ગુણોથી પરમ પાવન અને બધા નામો કરતાં પવિત્ર છે. તારા સિવાય બીજો કોઈ ઈશ્વર નથી, તું પરમ સ્તુત્ય અને સર્વ મહિમાવંત છે.''[૧૪]**

## વિભાગ ૮

અબ્દુલબહા કહે છે :

**''સેવક માટે ઉચિત છે કે તે પરમેશ્વરની પ્રાર્થના કરે અને તેની પાસે સહાયતા માંગે, તેની મદદ માટે વિનંતી અને યાચના કરે. તે દાસત્વના પદને શોભે છે, અને પ્રભુ, તેના સર્વોચ્ચ વિવેક અનુસાર, ઈચ્છે તેવો નિર્ણય કરશે.''[૧૫]**

અને તેઓ સમજાવે છે :

**''ચેતના પ્રભાવશાળી છે; પ્રાર્થનાની આધ્યાત્મિક અસર હોય છે. તેથી, આપણે પ્રાર્થના કરીએ છીએ, હે ઈશ્વર! આ બીમારને સાજો કર! કદાચ ઈશ્વર જવાબ આપશે. શું તે મહત્વનું છે કે કોણ પ્રાર્થના કરે છે? ઈશ્વર દરેક સેવકની પ્રાર્થનાનો જવાબ આપશે જો તે પ્રાર્થનાની તાતી જરૂર છે. તેની દયા વિશાળ છે, અસીમ છે. તે તેના બધા સેવકોની પ્રાર્થનાનો જવાબ આપે છે. તે આ છોડની પ્રાર્થનાનો જવાબ આપે છે. છોડ સંભવતઃ પ્રાર્થના કરે છે, 'હે ઈશ્વર! મારા માટે વરસાદ વરસાવ!' ઈશ્વર પ્રાર્થનાનો જવાબ આપે છે, અને છોડ વિકાસ પામે છે. ઈશ્વર દરેકનું સાંભળશે.''[૧૬]**

એ સહજ છે કે આપણી પ્રાર્થનાઓમાં આપણી જરૂરીયાતો પુરી કરવા માટે આપણે ઈશ્વરને વિનંતી કરીએ છીએ. આમ આપણે આપણું સ્વાસ્થ્ય અને આપણા પ્રિયજનોના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરીએ છીએ, આપણે આપણાં પરિવારની આધ્યાત્મિક અને ભૌતિક પ્રગતિ માટે પ્રાર્થના કરીએ છીએ, અને આપણે માર્ગદર્શન માટે પ્રાર્થના કરીએ છીએ. આપણે શક્તિ માટે, આસ્થા માટે, અને સેવાના માર્ગમાં સંપૂષ્ટિ માટે વિનંતી કરીએ છીએ. ઈશ્વરને પ્રાર્થના કરતી વખતે, નિઃશક, આપણે યાદ રાખવું જોઈએ કે જીવનમાં આપણો ઉદ્દેશ આપણી ઈચ્છાને તેની ઈચ્છાને સંરેખિત કરવાનો છે. તેથી, આપણે તેની ઈચ્છા માટે પ્રાર્થના કરવી જોઈએ કે તે પુરી થાય અને તેના પ્રત્યે સમર્પિત થવા માટે તૈયાર રહેવું જોઈએ. જો તમે અબ્દુલબહાના નીચેના શબ્દો મોઢે કરી લો છો તો, તે હંમેશા તમારા માટે આનંદ અને આશ્વાસનનો સ્ત્રોત તરિકે કાર્ય કરશે :

**''હે તું જે ઈશ્વર તરફ તારૂ મુખ ફેરવે છે ! બીજી બધી ચીજો તરફ તારી આંખો બંધ કરી દે અને તેને સર્વમહિમામયના સામ્રાજ્ય તરફ ખોલી દે. તું જે કંઈ ઈચ્છે છે તે માત્ર તેની પાસે જ માંગ; તું જે કંઈ પામવા ઈચ્છે છે તેના માટે માત્ર તેની પાસે જ યાચના કર. એક નજરથી તે લાખો આશાઓ પુરી કરે છે, એક ઝલકમાં તે લાખો અસાધ્ય રોગોનો ઈલાજ કરે છે, એક ઈશારાથી તે દરેક જખમ ઉપર મલમ લગાવે છે, એક ઝલક સાથે તે હૃદયોને શોકની બેડીઓમાંથી મુક્ત કરે છે. તે જેમ ઈચ્છે છે તેમ કરે છે, અને આપણી પાસે તેના સિવાય બીજું કયું શરણ છે ? તે તેની ઈચ્છા મુજબ કરે છે, જે તેને પ્રિય હોય તે મુજબ તે આદેશ કરે છે. તેથી, તારા માટે બહેતર છે કે તું સમર્પણમાં માથુ ઝુકાવી લે, અને સર્વદયાળુ પ્રભુમાં તારો ભરોસો રાખ.''[૧૭]**

# વિભાગ ૯

હમણાં સુંધી આપણે જે બધાનો અભ્યાસ કરી ગયા તેમાંથી, સ્પષ્ટ થાય છે કે પ્રાર્થનામાં ઈશ્વર તરફ અભિમુખ થવું એ આધ્યાત્મિક જીવનની એક અત્યાવશ્યક જરૂરીયાત છે. સવારે જાગ્યા પછી તરત અને રાત્રે ઉંઘવા જતા પહેલાં ઈશ્વરને પ્રાર્થના કરવી ખાસ કરીને કેટલું મધુર છે. દરરોજ આપણે પ્રાર્થના કરવામાં કેટલો સમય વિતાવીએ છીએ અને કેટલી પ્રાર્થના કરીએ છીએ તે આપણી જરૂરીયાતો અને આપણી આધ્યાત્મિક તરસ ઉપર નિર્ભર છે. દરેક પ્રસંગ માટે, બહાઉલ્લાહ, બાબ અને અબ્દુલબહા દ્વારા પ્રગટીત અનેક પ્રાર્થનાઓમાંથી આપણે પ્રાર્થનાઓની પસંદગી કરી શકીએ છીએ. શોઘી એફેન્દી કહે છે :

**''દૈનિક અનિવાર્ય પ્રાર્થનાઓની સંખ્યા ત્રણ છે. સૌથી ટૂંકી પ્રાર્થના માત્ર એક જ શ્લોકની છે, જેનું ચોવીસ કલાકમાં એક વાર ગાન કરવાનું હોય છે. મધ્યમ પ્રાર્થના, જે આ શબ્દો સાથે શરૂ થાય છે, 'ઈશ્વર સાક્ષી છે કે તેના પોતાના સિવાય બીજો કોઈ ઈશ્વર નથી,' તેનું દિવસમાં ત્રણ વાર, સવારે, બપોરે અને સાંજે ગાન કરવાનું હોય છે. આ પ્રાર્થના સાથે કેટલીક શારીરિક ક્રિયા અને અંગચેષ્ટા કરવાની હોય છે. લાંબી પ્રાર્થના, જે આ ત્રણ પૈકી સૌથી લાંબી છે તેનું ચોવીસ કલાકમાં એક વાર, અને વ્યક્તિને જયારે ઈચ્છા થાય ત્યારે કોઈપણ સમયે કરી શકાય છે.''**

**''શ્રધ્ધાળુ આ ત્રણ પૈકી કોઈ એકની પસંદગી કરવા માટે સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે, પરંતું તેમાંથી કોઈ એકનું તેની સાથે આપેલા ચોક્કસ નિર્દશો અનુસાર ગાન કરવું અનિવાર્ય છે.''[૧૮]**

અને તેઓ આગળ કહે છે :

**''આ અનિવાર્ય પ્રાર્થનાઓને, બીજી કેટલીક ચોક્કસ પ્રાર્થનાઓ સહિત, જેમ કે આરોગ્યની પ્રાર્થના, અહમદની પાતિને બહાઉલ્લાહ દ્વારા વિશેષ શક્તિ અને મહત્વ પ્રદાન કરવામાં આવેલ છે, અને તેથી તેનો તે રૂપમાં સ્વીકાર કરવો જોઈએ અને શ્રધ્ધાળુઓએ નિઃશક આસ્થા અને વિશ્વાસપૂર્વક તેનું ગાન કરવું જોઈએ, કે જેથી તેના દ્વારા તેઓ ઈશ્વર સાથેના સૌથી ગાઢ વાર્તાલાપમાં પ્રવેશ કરી શકે, અને તેમની જાતને તેના કાયદા અને ઉપદેશો સાથે વધારે સંપૂર્ણ રીતે એકરૂપ કરી શકે.''[૧૯]**

બહાઉલ્લાહ દ્વારા પ્રગટીત ત્રણ અનિવાર્ય પ્રાર્થનાઓ વ્યક્તિગત રીતે કરવામાં આવે છે. એવી સામુહિક પ્રાર્થના જયાં દૈનિક અનિવાર્ય પ્રાર્થનાનું ચોક્કસ ધાર્મિક વિધી અનુસાર એક સમુહમાં ગાન કરવામાં આવે છે તેનું બહાઈ ધર્મમાં અસ્તિત્વ નથી. મૃતકો માટેની પ્રાર્થના બહાઈ કાયદા દ્વારા સુચિત એવી એકમાત્ર સામુહિક પ્રાર્થના છે. દફનાવતા પહેલાં જેઓ હાજર હોય છે તેમાંથી કોઈ એક વ્યક્તિ દ્વારા તેનું ગાન કરવામાં આવે છે, જયારે બાકીનો સમુહ શાંતિથી ઊભો રહે છે.

૧. ''અનિવાર્ય'' શબ્દનો અર્થ શું છે ?__________

૨. બહાઉલ્લાહે કેટલી અનિવાર્ય પ્રાર્થનાઓ પ્રગટ કરી છે ?__________

૩. શું આપણેં દરરોજ ત્રણે અનિવાર્ય પ્રાર્થનાઓનું ગાન કરવું જોઈએ ?__________

૪. જો આપણે લાંબી અનિવાર્ય પ્રાર્થના કરવાનું પસંદ કરીએ છીએ તો, આપણે દરરોજ કેટલી વાર તેનું ગાન કરવું જોઈએ ?__________

૫. જો આપણે મધ્યમ અનિવાર્ય પ્રાર્થના કરવાનું પસંદ કરીએ છીએ તો, કેટલી વાર કરવી જોઈએ ?

૬. જો આપણેં ટૂંકી અનિવાર્ય પ્રાર્થના પસંદ કરીએ છીએ તો, કેટલી વાર કરવી જોઈએ ?

૭. એવી કેટલીક પ્રાર્થનાઓનો ઉલ્લેખ કરો જેમાં એક વિશેષ શક્તિ છે :__________

૮. જો તમે ટૂંકી અનિવાર્ય પ્રાર્થના મોઢે નહિ કરી હોય તો, તેને મોઢે કરો :

**''હું સાક્ષી છું, હે મારા ઈશ્વર, કે તને જાણવા અને તને ભજવા માટે તેં મને સર્જ્યો છે. હું આ ક્ષણે મારી અસમર્થતા અને તારા સામર્થ્યની, મારી દરિદ્રતા અને તારી સર્વસંપન્નતાની શાખ પુરાવું છું. તારા સિવાય અન્ય કોઈ ઈશ્વર નથી. તું સંકટમાં સહાયક અને સ્વયંપૂર્ણ છે.''**[૨૦]

૯. આ પ્રાર્થનામાં આપણેં શેની સાક્ષી આપીએ છીએ ?__________

# વિભાગ ૧૦

આપણે યાદ રાખવું જોઈએ કે, અનિવાર્ય પ્રાર્થનાના કાયદાનું પાલનમાંથી આપણે જે આશીર્વાદ મેળવીએ છીએ અને વ્યક્તિગત રીતે બીજી પ્રાર્થના કરીને આપણે જે પોષણ પ્રાપ્ત કરીએ છીએ તેની સાથે, જયારે આપણે નાની કે મોટી સભાઓમાં પ્રાર્થનાઓનું ગાન સાંભળીએ છીએ ત્યારે આપણા આત્માઓ ઉન્નત થાય છે. બહાઉલ્લાહ આપણને કહે છે :

**''તમે અત્યંત આનંદ અને ભાઈચારાથી એક સાથે ભેગા થઈને દયામય પ્રભુ દ્વારા પ્રગટીત શ્લોકોનું ગાન કરો. આમ કરવાથી તમારા આંતરિક અસ્તિત્વ સમક્ષ સાચા જ્ઞાનના દ્વાર ખુલી જશે અને ત્યારે તમે તમારા આત્માને દૃઢતાથી સંપન્ન અને તમારા હૃદયને તેજસ્વી આનંદથી સભર હોવાનો અનુભવ કરશો.''**[૨૧]

આપણે તે જાણીને અત્યંત આનંદ મેળવીએ છીએ કે, આખી દુનિયામાં, ભક્તિ સભાઓ જેમાં મિત્રો અને પાડોશીઓ ઈશ્વર સાથે વાર્તાલાપ કરવા માટે એકસાથે ભેગા થાય છે તેમનો હજારોની સંખ્યામાં ગુણાકારાત્મક વધારો થઈ રહ્યો છે. વિશ્વ ન્યાય મંદિર લખે છે :

**''ભક્તિ સભાઓ એવા અવસરો છે જેમાં કોઈપણ આત્મા પ્રવેશી શકે છે, સ્વર્ગીય સુગંધ માણી શકે છે, પ્રાર્થનાનું માધુર્યનો અનુભવ કરી શકે છે, સર્જનાત્મક 'શબ્દ' ઉપર ચિંતન કરી શકે છે, ચેતનાની પાંખો પર ઊડી શકે છે, અને એકમેવ પ્રિયત્તમ સાથે વાર્તાલાપ કરી શકે છે. ભાઈચારા અને સહિયારા ઉદ્દેશની લાગણીઓ ઉત્પન્ન થાય છે, ખાસ કરીને આધ્યાત્મિક રીતે ઉન્નત વાર્તાલાપોમાં જે એવા સમયે ઉત્પન્ન થાય છે અને જેનાથી 'માનવ હૃદય રૂપી નગર' ખુલી જાય છે.''**[૨૨]

જયારે આપણે પ્રાર્થના કરવાની પ્રેરણાનો અનુભવ કરીએ છીએ ત્યારે, આપણા મનને આ દુનિયાની ચીજોથી શુદ્ધ કરવાના હેતુથી આપણે થોડી ક્ષણ માટે શાંતીથી રાહ જોઈએ છીએ. પ્રાર્થના કરતી વખતે, આપણે આપણા વિચારોને ઈશ્વર ઉપર કેન્દ્રિત રાખીએ છીએ. આપણે પ્રાર્થના પુરી કરીએ છીએ તેના પછી, આપણેં થોડા સમય માટે શાંત રહીએ છીએ અને એકાએક બીજી પ્રવૃતિમાં લાગી જતા નથી. એક સભામાં જયારે આપણે બીજા દ્વારા કરવામાં આવતી પ્રાર્થના સાંભળીએ છીએ ત્યારે પણ આવું જ કરીએ છીએ. આવા પ્રસંગે, આપણે પ્રાર્થનામય વલણ જાળવી રાખીએ છીએ અને જાણે કે આપણેં પોતે જ શબ્દોનું ગાન કરી રહ્યા હોય એમ, ગાઢ રીતે શબ્દોનું અનુસરણ કરીએ છીએ.

૧. ઈશ્વરના શ્લોકનું ગાન કરતી વખતે આપણે કેવી ભાવનાથી એકસાથે ભેગા થવું જોઈએ ?__________

__________________________________________

૨. ઈશ્વરના શ્લોકનું ગાન કરવા માટે એકસાથે ભેગા થવાની આપણી સભાઓની શું અસર પડશે ?______

__________________________________________

__________________________________________

__________________________________________

૩. ભક્તિ સભાઓ એવા અવસરો છે જેમાં

— ____________________,

— ______________________________,

— ______________________________,

— ______________________________,

— ______________________________________, અને

— ______________________________________.

૪. ભક્તિ સભાઓમાં કેવી લાગણીઓ ઉત્પન્ન થાય છે ?______________________

__________________________________________

૫. એવા આધ્યાત્મિક રીતે ઉન્નત વાર્તાલાપોની અસર શું હોય છે જે સહજ રીતે ભક્તિ સભાઓમાં ઉત્પન્ન થાય છે ? ______

______

૬. એકલા કે પછી સભામાં, પ્રાર્થના કરતી વખતે આપણે જે આદરયુક્ત વલણ દર્શાવવું જોઈએ તેના વિશે થોડા શબ્દો લખો. ______

______

______

______

______

______

______

______

## વિભાગ ૧૧

આ પુસ્તકનો પહેલો એકમ દરરોજ પવિત્ર લખાણોંમાંથી ફકારાઓ વાંચવાની અને તેના અર્થ ઉપર ચિંતન કરવાની ટેવ ઉપર કેન્દ્રિત હતો. અહિં તમે પ્રાર્થનાનું મહત્વ ઉપર ચિંતન કર્યું છે અને તેના પરિણામ સ્વરૂપે, દરરોજ પ્રાર્થના કરવાની ટેવને પ્રબળ કરી છે. અગાઉના વિભાગે સામુદાયિક ઉપાસનાનું મહત્વ ઉપર તમારૂં ધ્યાન દોર્યુ છે. હમણાં સુંધી તમે જેનો અભ્યાસ કરી ગયા છો તેણે, જો તમે ઈચ્છો તો, તમને સેવાના માર્ગ પર પહેલું કાર્ય કરવા : એક ભક્તિ સભાનું આયોજન કરવાની શરૂઆત કરવા માટે તૈયાર કરેલ છે.

શરૂઆતનું એક પગલું તરિકે, કેટલીક પ્રાર્થનાઓ મોઢે કરવાનો અને કેટલાક મિત્રો સાથે તેની આપ-લે કરવાનો અવસર શોધવાની તમે ઈચ્છા રાખી શકો છો. આ સમય દરમિયાન, સુનિશ્ચિત કરી શકો છો કે, તમે તમારા સમુદાયમાં આયોજિત એવી ઓછામાં ઓછી એક ભક્તિ સભામાં ભાગ લો અને તેના ઉત્સાહી સમર્થકોમાં તમારી ગણતરી થાય. અંતે, તેના પછી, તમે એક ભક્તિ સભાનું આયોજન કરવાનું નક્કી કરી શકો છો, તેમાં તમારા મિત્રો, પરિવારના સભ્યો, અને પાડોશીઓને પ્રાર્થના અને ભાઈચારા માટે નિયમિતપણે ભેગા થવા માટે આમંત્રણ આપી શકો છો. આ પાઠયક્રમના બે કે ત્રણ સહભાગીઓ માટે ભેગા મળીને આવી એક ભક્તિ સભાની શરૂઆત કરવાનું અસામાન્ય નથી.

તમે કલ્પના કરી શકો છો તે મુજબ, કેવી રીતે ભક્તિ સભાનું આયોજન કરવું જોઈએ તેની કોઈ પધ્ધતિ કે સૂત્ર નથી. પરંતું સ્પષ્ટપણે આ મિત્રોની એક સભા છે જેમાં પ્રાર્થના કરવામાં આવે છે, પવિત્ર લખાણોમાંથી ફકરાઓ વાંચવામાં આવે છે, અને ઉન્નત કરતા વાર્તાલાપો થાય છે - આ બધું નોંધપાત્ર રીતે આધ્યાત્મિક વાતાવરણમાં થાય છે. શું તમે એક ભક્તિ સભાનું આયોજન કરવાના સંદર્ભમાં, નીચેના પૈકી દરેક વિચાર વિશે થોડા શબ્દો કહી શકો છો ?

હાર્દિક અને પ્રેમપૂર્ણ આમંત્રણ આપવું : ______

______

______

______

સ્વાગતપૂર્ણ વાતાવરણનું નિર્માણ કરવું :________________________________________

પૂજયભાવનું વાતાવરણ જાળવી રાખવું :________________________________________

આનંદપૂર્ણ ભાઈચારામાં વધારો કરવો :________________________________________

આધ્યાત્મિક રીતે ઉન્નત કરતા વાર્તાલાપને પ્રોત્સાહન આપવું :___________________________

# સંદર્ભ સૂચી


૧. ‘ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ’, નં. ૪૩

૨. બહાઉલ્લાહ, વિશ્વાસપાત્રતા - વિશ્વ ન્યાય મંદિરના સંશોધન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ સંકલન, નં. ૨૧

૩. ધ કૉલ ઑફ ધ ડિવાઈન બિલવેડ : સિલેકટેડ મિસ્ટીકલ વર્ક્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૨.૪૩

૪. અબ્દુલબહા, ધ પ્રોમલગેશન ઑફ યુનિવર્સલ પીસ

૫. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં.૧૩

૬. શોઘી એફેન્દી વતી લિખિત તા. ૮ ડિસેમ્બર ૧૯૩૫ ના એક પત્રમાંથી - પ્રાર્થના અને ભક્તિમય જીવનમાંથી

૭. વર્ડસ ઑફ અબ્દુલબહા, ‘બહાઉલ્લાહ એન્ડ ધ ન્યુ એરા’માં આપેલ સંદર્ભમાંથી

૮. વર્ડસ ઑફ અબ્દુલબહા, ‘બહાઉલ્લાહ એન્ડ ધ ન્યુ એરા’માં આપેલ સંદર્ભમાંથી

૯. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થના : બહાઉલ્લાહ, બાબ અને અબ્દુલબહા દ્વારા પ્રગટીત પ્રાર્થનાઓનું એક સંકલનમાંથી

૧૦. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થના : બહાઉલ્લાહ, બાબ અને અબ્દુલબહા દ્વારા પ્રગટીત પ્રાર્થનાઓનું એક સંકલનમાંથી

૧૧. વર્ડ્સ ઑફ અબ્દુલબહા, સ્ટાર ઑફ ધ વેસ્ટમાંથી - વૉલ્યૂમ ૮, નં. ૪ (૧૭ મે ૧૯૧૭)

૧૨. ‘ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ’, નં. ૧૩૬

૧૩. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થનાઓમાંથી

૧૪. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થનાઓમાંથી

૧૫. અબ્દુલબહા, પ્રાર્થના અને ભક્તિમય જીવનમાંથી - નં ૨૪

૧૬. અબ્દુલબહા દ્વારા ૫ ઓગષ્ટ ૧૯૧૨ના રોજ આપવામાં આવેલ એક વક્તવ્યમાંથી, ધ પ્રોમલગેશન ઑફ યુનિવર્સલ પીસ

૧૭. સિલેકસન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૨૨.૧

૧૮. શોઘી એફેન્દી વતી લિખિત તા. ૧૦ જાન્યુઆરી ૧૯૩૬ ના એક પત્રમાંથી, પ્રાર્થના અને ભક્તિમય જીવન, નં. ૬૧

૧૯. શોઘી એફેન્દી વતી લિખિત તા. ૧૦ જાન્યુઆરી ૧૯૩૬ ના એક પત્રમાંથી

૨૦. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થનાઓ

૨૧. બહાઉલ્લાહ, પ્રાર્થના અને ભક્તિમય જીવન, નં. ૬૮

૨૨. વિશ્વ ન્યાય મંદિરના ૨૯ ડિસેમ્બર ૨૦૧૫ના સંદેશમાંથી



# જીવન અને મૃત્યુ

## ઉદ્દેશ

એમ સમજવું કે જીવન માત્ર આ દુનિયાના બદલાવો અને ઘટનાઓ પુરતું સિમિત નથી પરંતું તે તેનું સાચુ મહત્વ આત્માના વિકાસમાં પ્રાપ્ત કરે છે.

# વિભાગ ૧

માનવ આત્મા પદાર્થ અને ભૌતિક દુનિયાથી પર છે. તેમના એક વક્તવ્યમાં, અબ્દુલબહા કહે છે :

**''આ ભૌતિક શરીર અણુંઓનું સંયોજન છે; જયારે આ અણુંઓનું વિઘટન થવાની શરૂઆત થાય છે, ત્યારે જે ઘટના બને છે તેને આપણે મૃત્યું તરિકે ઓળખીએ છીએ....**

**''આત્માના સંદર્ભમાં તે અલગ છે. આત્મા તત્વોનું એક સંયોજન નથી, તે અનેક અણુંઓનો બનેલો નથી, તે એક અવિભાજય તત્વ છે અને તેથી તે શાશ્વત છે. તે ભૌતિક સૃષ્ટિની વ્યવસ્થાથી સંપુર્ણપણે પર છે; તે અમર છે!''[૧]**

૧. ''સંયોજન''નો અર્થ શું છે ?______________________________

૨. શું માનવ આત્મા, ભૌતિક શરીરની જેમ વિભિન્ન તત્વોનો બનેલો છે ?________________

૩. શું આત્મા એક ભૌતિક અસ્તિત્વ છે ?______________________________

# વિભાગ ૨

ધર્મસંરક્ષક વતી લિખિત એક પત્ર જણાવે છે કે, ''મનુષ્યનો આત્મા ગર્ભાધાન વખતે અસ્તિત્વમાં આવે છે''.[૨] ''ગર્ભાધાન''ના પ્રશ્નનો પ્રતિભાવ આપતાં વિશ્વ ન્યાય મંદિર કહે છે :

**''બહાઈ લખાણોંમાં એવું કશુંજ જોવા મળ્યું નથી જે ચોક્કસપણે ''ગર્ભાધાન''ની જૈવિક ક્ષણ અને તેની ઘટનાનું વર્ણન કરતું હોય. તબીબી ક્ષેત્રના સંદર્ભમાં પણ આ શબ્દનો ઉપયોગ અસ્પષ્ટ જણાય છે. વાસ્તવમાં, ગર્ભાધાનની એક સમજ એવી છે કે તે ફલિનીકરણ સાથે સુસંગત છે; પરંતું બીજી સમજ એવી છે કે તે ફલિનીકરણ અને આરોપણ પછી ઘટિત થાય છે. તેથી, કદાચ એ જાણવું શક્ય નથી કે, આત્માનું કયારે ભૌતિક શરીર સાથે સંયોજન થાય છે, અને આવા પ્રશ્નો માનવીય વિચારો કે સંશોધન દ્વારા વણઉકેલાયા રહી શકે છે કારણકે તેનો સંબંધ આધ્યાત્મિક દુનિયાના રહસ્યો અને સ્વયં આત્માનું સ્વરૂપ સાથે છે.''[૩]**

૧. માનવ આત્મા કયારે અસ્તિત્વમાં આવે છે ?__________________________

____________________________________________

૨. શું ''ગર્ભાધાન'' શબ્દ એક ચોક્કસ જૈવિક ક્ષણનું વર્ણન કરે છે ?_________________

# વિભાગ ૩

આત્મા અને શરીર વચ્ચેનો સંબંધ ભૌતિક નથી; આત્મા શરીરમાં પ્રવેશ કરતો નથી, કે નથી તેમાંથી બહાર નિકળતો અને તે કોઈ ભૌતિક જગ્યા રોકતો નથી. શરીર સાથેનો તેનો સંબંધ એવો જ છે જેવો પ્રકાશનો એક અરિસો સાથે હોય છે જે તેને પ્રતિબિંબિત કરે છે. અરિસામાં જે પ્રકાશ પ્રગટ થાય છે તે તેની અંદર નથી. તે જ પ્રમાણે આત્મા શરીરની અંદર નથી. અબ્દુલબહા કહે છે,

**''બુદ્ધિગમ્ય આત્મા, કે માનવ ચેતના, આગમનથી આ શરીર દ્વારા અસ્તિત્વમાં આવતો નથી - એટલે કે, તે તેમાં પ્રવેશ કરતો નથી; કારણકે આગમન અને પ્રવેશ આ શરીરના લક્ષણો છે, અને બુદ્ધિગમ્ય આત્મા આ બધાથી પવિત્ર છે, તે શરૂઆત કરવા માટે કદી આ શરીરમાં પ્રવેશ કરતો નથી, તેથી બીજા કોઈ નિવાસસ્થાન માટે તેને શરીરને છોડવાની જરૂર પડતી નથી. નહિ, ચેતનાનો શરીર સાથેનો સંબંધ આ દિવાનો એક અરિસા સાથેનો સંબંધ જેવો છે. જો અરિસો ચકચકિત અને સંપુર્ણ (દોષમુક્ત) હોય તો, દિવાનો પ્રકાશ તેમાં પ્રગટ થાય છે, અને જો અરિસો તૂટી જાય અથવા ધૂળથી ઢંકાઈ જાય છે તો, પ્રકાશ છુપાયેલો રહે છે.''[૪]**

૧. નીચે આપેલા વાક્યોમાં ખાલી જગ્યા પુરો.

ક. બુદ્ધિગમ્ય આત્મા, કે ___________________, આગમનથી આ શરીર દ્વારા અસ્તિત્વમાં આવતો નથી - એટલે કે, આત્મા _________ પ્રવેશ કરતો નથી.

ખ. ______________ કે માનવ ચેતના શરીરમાં _________ કરતો નથી; કારણકે આગમન અને પ્રવેશ આ ___________ના લક્ષણો છે - એટલે કે, આત્મા _________ પ્રવેશ કરતો નથી.

ગ. આત્મા શરૂઆત કરવા માટે કદી આ ____________ માં પ્રવેશ કરતો નથી, તેથી બીજા કોઈ _________ માટે તેને શરીરને છોડવાની જરૂર પડતી નથી.

ઘ. ચેતનાનો શરીર સાથેનો સંબંધ આ _______________________ સાથેનો સંબંધ જેવો છે.

ચ. જો અરિસો ચકચકિત અને સંપુર્ણ હોય તો, __________________ તેમાં પ્રગટ થાય છે.

છ. જો અરિસો તૂટી જાય અથવા ધૂળથી ઢંકાઈ જાય છે તો, ______________________ રહે છે.

૨. હમણાં સુંધીમાં આપણે જેનો અભ્યાસ કરી ગયા છીએ તેને આધારે, નીચેના વાક્યો ખરા છે કે નહિ તે નક્કી કરો :

____ આત્મા ભૌતિક દુનિયાની માલિકી નથી.

____ આત્મા શરીરની અંદર છે.

____ શરીર આત્માનો માલિક છે.

____ આત્મા અમર છે.

____ જયારે આત્માનું ભૃણ સાથે મિલન થાય છે ત્યારે, એક વ્યક્તિની શરૂઆત થાય છે.

____ જયારે વ્યક્તિનો આ દુનિયામાં જન્મ થાય છે ત્યારે જીવનની શરૂઆત થાય છે.

____ મૃત્યું પછી વ્યક્તિનું ભૌતિક અસ્તિત્વ કાયમ રહે છે.

____ જીવન આપણી સાથે દરરોજ બનતી ઘટનાઓનું બનેલું છે.

૩. આત્મા અને શરીર વચ્ચેના સંબંધનું વર્ણન કરવા માટે એક પ્રકાશ અને એક અરિસાની છબીનો ઉપયોગ કરો : ________________

________________

________________

________________

________________

# વિભાગ ૪

આત્મા અને શરીર વચ્ચે એક અતિ વિશેષ સંબંધ છે, જે સાથે મળીને એક માનવ અસ્તિત્વની રચના કરે છે. આ સંબંધ નાશવંત જીવનના સમયગાળા સુંધી જ સિમિત રહે છે. જયારે તેમની વચ્ચેના આ મિલનનો અંત આવે છે ત્યારે, દરેક તેના મૂળ તરફ પરત જાય છે - શરીર માટીની દુનિયામાં અને આત્મા ઈશ્વરની આધ્યાત્મિક દુનિયાઓમાં જયાં તે સતત પ્રગતિ કરતો રહે છે. અબ્દુલબહા કહે છે :

**''માનવ ચેતનાની એક શરૂઆત છે પરંતું તેનો અંત નથીઃ તે હંમેશા રહે છે.''[૫]**

તેના એક વક્તવ્યમાં, તે કહે છે :

**''ચેતનાને એક શરીરની જરૂર નથી, પરંતું શરીરને ચેતનાની જરૂર છે, નહિ તો તે જીવિત રહી શકે નહિ. આત્મા એક શરીર વગર જીવી શકે છે, પરંતું આત્મા વગર શરીર મરી જાય છે.''[૬]**

અને ધર્મસંરક્ષક સમજાવે છે :

**''મનુષ્યના આત્માના સંદર્ભમાં : બહાઈ શિક્ષણો મુજબ મનુષ્યના ભૃણની સંરચના સાથે માનવ આત્માની શરૂઆત થાય છે, અને શરીર સાથેની જુદાઈ પછી તે સતત વિકાસ કરતો રહે છે અને અસ્તિત્વના અનંત તબક્કાઓમાંથી પસાર થતો રહે છે. આવી રીતે તેની પ્રગતિ અનંત છે.''[૭]**

૧. ઉપરોક્ત અવતરણોને ધ્યાનમાં રાખીને, નીચેના પ્રશ્નોનો જવાબ આપો :

ક. શું શરીરને એક આત્માની જરૂર હોય છે ? ________________

ખ. શું આત્માને શરીરની જરૂર હોય છે ? ________________

ગ. આપણે મરી જઈએ છીએ ત્યારે શરીર અને આત્મા વચ્ચેના સંબંધનું શું થાય છે ? ________________

________________

ઘ. મૃત્યુ પછી આત્માનું શું થાય છે ? ________________

________________

ચ. આત્માની પ્રગતિ કયાં સુંધી ચાલુ રહે છે ? ________________

________________

છ. જીવનનો કયારે અંત આવે છે ? ________________

________________

૨. નક્કી કરો કે નીચેના પૈકી કયા વાક્યો હમણાં સુંધીમાં આ વિભાગોમાં આપણે જેનો અભ્યાસ કરી ગયા છીએ તેની સાથે સુસંગત છે :

____ મૃત્યુ એક સજા છે.

____ શરીર અને આત્મા વચ્ચેનો સંબંધ નાશવંત જીવન સુંધી જ સિમિત રહે છે.

____ શરીર શાશ્વત પ્રગતિ કરવા માટે સક્ષમ છે.

____ આત્મા હંમેશા પ્રગતિ કરતો રહેશે.

____ મૃત્યુ જીવનનો અંત છે.

____ ન્યાયનો દિવસ આવશે ત્યારે આપણું શરીર ફરીથી ઊભું થશે.

____ મૃત્યુ વખતે, આત્મા પાસે પહેલા હતી તેના કરતાં વધારે સ્વતંત્રતા હોય છે.

____ મૃત્યુ સાથે જીવનનો અંત આવે છે.

____ આપણે મૃત્યુથી ડરવું જોઈએ.

____ ભોજન, કપડા, આરામ અને મનોરંજન આત્મા માટે જરૂરી છે.

____ જયારે શરીર આત્માની ઉર્જાનો ઉપયોગ કરે છે ત્યારે આત્મા થાકી જાય છે.

____ આત્મા શરીરની બીમારી કે કમજોરીથી પ્રભાવિત થતો નથી.

____ મૃત્યુ પછી માનવીને હજુ ભૌતિક ચીજોની જરૂર પડશે.

# વિભાગ ૫

આપણે જોઈ ગયા કે આત્મા કોઈ ભૌતિક જગ્યા રોકતો નથી અને ભૌતિક ચીજોની જેમ, પ્રકૃતિના નિયમો મુજબ કાર્ય કરતો નથી. શરીરના માધ્યમ દ્વારા આત્મા આ દુનિયામાં તેના પ્રભાવનો પ્રયોગ કરે છે, પરંતુ આ એકમાત્ર માધ્યમ નથી જેના દ્વારા આત્મા તેની શક્તિનો ઉપયોગ કરે છે. બહાઉલ્લાહ સ્પષ્ટ કરે છે :

**''ખરેખર હું કહું છું કે, માનવ આત્મા પ્રગતિ અને અધોગતિથી પર છે. તે સ્થિર હોવા છતાં વિહાર કરે છે; તે ચલાયમાન હોવા છતાં સ્થિર છે.''**[૮]

અને અબ્દુલબહા આપણને કહે છે :

**''સમજી લો કે માનવ ચેતનાનો પ્રભાવ અને દૃષ્ટિ(સમજ) બે પ્રકારની છે; એટલે કે, માનવ ચેતનાની કામગીરી અને સમજદારીની બે રીતો છે. એક રીત છે શારીરિક સાધનો અને અંગો દ્વારા. આમ તે આંખથી જુએ છે, કાનથી સાંભળે છે, જીભથી બોલે છે...**

**ચેતનાનો પ્રભાવ અને ક્રિયાની બીજી રીત આ શારીરિક સાધનો અને અંગો વગરની છે.''**[૯]

૧. નીચે આપેલા વાક્યોમાં ખાલી જગ્યા પુરો.

ક. માનવ આત્મા _____________ અને _____________ થી પર છે.

ખ. તે _____________ હોવા છતાં _____________ કરે છે.

ગ. તે _____________ હોવા છતાં _____________ છે.

૨. એવી બે રીતોનું વર્ણન કરો જેના દ્વારા આત્મા સમજે છે અને આ દુનિયામાં પ્રભાવ પાડે છે : __________

૩. શું તમે શારીરિક સાધનો વગરના, આત્માના પ્રભાવ અને ક્રિયાના ઉદાહરણો આપી શકો છો ? __________

# વિભાગ ૬

હવે, પાછળના વિભાગોની ચર્ચાના પ્રકાશમાં, બહાઉલ્લાહના લખાણોંમાંથી નીચે આપેલા ફકારા વાંચો :

**''તમે સમજી લો કે મનુષ્યનો આત્મા તેના શરીર અને મનની બધી નબળાઈઓથી પર અને સ્વતંત્ર છે. તેનો આત્મા અને શરીર વચ્ચેના આવરણને કારણે બીમાર વ્યક્તિમાં કમજોરીના લક્ષણો દેખાય છે જયારે આત્મા કોઈપણ શારીરિક કમજોરીઓથી સ્વતંત્ર હોય છે. દિપકના પ્રકાશ વિશે વિચાર કરો. કોઈ બાહ્ય અવરોધ તેના પ્રકાશને ઢાંકી દેતો હોવા છતાં તેનો પ્રકાશ સંપૂર્ણ શક્તિ સાથે દિપ્તિમાન હોય છે. તેવી જ રીતે, માનવીના શરીરને અસર કરતી દરેક બીમારી એક એવો અવરોધ છે જે આત્માની શુષુપ્ત શક્તિ અને તાકતને પ્રગટ કરતાં અટકાવે છે. આત્મા જ્યારે શરીરને ત્યાગી દેશે ત્યારે તે એવી ચમક પ્રાપ્ત કરશે તથા એવો પ્રભાવ પાડશે કે જેની તુલના ધરતી ઉપરની કોઈપણ શક્તિ સાથે કરી શકાય નહિ. દરેક શુદ્ધ, દરેક નિર્મળ અને પવિત્ર આત્મા અદ્ભૂત શક્તિથી પ્રદિપ્ત હશે અને અપાર આનંદની અનુભૂતિ કરશે.''**[૧૦]

૧. તમારા પોતાના શબ્દોમાં સમજાવો કે આત્મા કેવી રીતે શરીર અને મનની નબળાઈઓથી સ્વતંત્ર હોય છે, અને શરીર સાથેની તેની જુદાઈ પછી શું સ્પષ્ટ કરવામાં આવશે ? __________

૨. શું આપણે આપણા ભૌતિક શરીરના મૃત્યુ પછી આપણી વ્યક્તિત્વતાને જાળવી રાખીશું ? __________

## વિભાગ ૭

બહાઉલ્લાહ આપણને કહે છે :

**''અને હવે મનુષ્યનો આત્મા અને મૃત્યુ પછી તેના જીવંત રહેવાના તારા પ્રશ્નના અનુસંધાનમાં, તું આ સત્ય સમજ કે શરીરથી અલગ થયા પછી આત્મા ત્યાં સુધી સતત પ્રગતિ કરતો રહેશે જ્યાં સુધી તે ઈશ્વરની ઉપસ્થિતિ પ્રાપ્ત નહિ કરે, આ એવી સ્થિતિ છે જેને નહિ તો સદીઓ અને યુગોની ક્રાંતિ, કે નહિ આ દુનિયાના પરિવર્તનો તથા ઘટનાઓ બદલી શકશે. તે ત્યાં સુંધી કાયમ રહેશે જ્યાં સુધી ઈશ્વરનું સામ્રાજ્ય, તેની સાર્વભૌમિક્તા, તેનું આધિપત્ય અને શક્તિ રહેશે. તે ઈશ્વરના ચિન્હો અને ગુણો તથા તેની પ્રેમાળ-કરૂણા અને આશિષો પ્રગટ કરશે.''**[૧૧]

૧. શારીરિક મૃત્યુ પછી આત્મા કયાં સુંધી સતત પ્રગતિ કરતો રહેશે ?____________________

________________________________________________

૨. કઈ સ્થિતિમાં આત્મા ઈશ્વરની ઉપસ્થિતિ તરફની તેની શાશ્વત યાત્રા ચાલુ રાખશે ?____________

________________________________________________

________________________________________________

________________________________________________

૩. આત્માના એવા કેટલાક ગુણો અને ચિન્હો કયા છે જે આત્મા તે સ્થિતિમાં પ્રગટ કરશે ?__________

________________________________________________

________________________________________________

૪. હમણાં સુંધીમાં આપણે જેનો અભ્યાસ કરી ગયા છીએ તેને આધારે, નીચેના વાક્યો ખરા છે કે નહિ તે નક્કી કરો :

____ ઈશ્વરનું સામ્રાજય હંમેશા રહેશે.

____ આત્મા પાસે ઈશ્વરના ગુણો પ્રગટ કરવાની ક્ષમતા છે.

____ આપણે ગતાત્મા માટે જે પ્રાર્થના કરીએ છીએ તે તેના આત્માની પ્રગતિને અસર કરતી નથી.

____ આત્મા કદી મરતો નથી.

## વિભાગ ૮

બહાઉલ્લાહ ઘોષિત કરે છ :

**''તમે સમજી લો કે પ્રત્યેક સાંભળનાર કાન, જો તેને નિર્મળ અને પવિત્ર રાખવામાં આવે તો તે હંમેશા અને દરેક દિશામાંથી ઉચ્ચારાયેલા આ પવિત્ર શબ્દો સાંભળશે : 'ખરેખર, આપણે ઈશ્વરના છીએ અને તેની પાસે પાછા જઈશું' માનવીનું શારીરિક મૃત્યુ અને તેની અનંત યાત્રાનું રહસ્ય પ્રગટ કરવામાં આવ્યુ નથી અને હજુ સુંધી અજ્ઞાત છે....**

**''મૃત્યુ પ્રત્યેક વિશ્વાસુ શ્રદ્ધાળુને એવો પ્યાલો અર્પણ કરે છે જે ખરેખર જીવન છે. તે આનંદ આપે છે અને તે પ્રસન્નતાની સંવાહિકા છે. તે અનંત જીવનનો ઉપહાર પ્રદાન કરે છે.**

**''જેમણે મનુષ્યના દુન્યવી અસ્તિત્વનું ફળ ચાખ્યું છે - જે એક સત્ય ઈશ્વરને ઓળખવાનું છે - તેની કિર્તીનો જય હો, તેનું પરલોકી જીવન એવું હશે છે કે જેનું વર્ણન કરવા અમે અસમર્થ છીએ. તેનું જ્ઞાન સર્વલોકના સ્વામી, એકમેવ ઈશ્વર પાસે જ છે.''[૧૨]**

**''હે સર્વોચ્ચના પુત્ર ! મૃત્યુને મેં તારા માટે આનંદનો એક સંદેશવાહક બનાવ્યો છે, પછી તું શા માટે દુ:ખી થાય છે ? મેં પ્રકાશને તારા ઉપર તેનો વૈભવ વરસાવવા માટે બનાવ્યો છે. શા માટે તું સ્વયંને તેનાથી આવરણમાં રાખે છે ?''[૧૩]**

૧. નીચેના પૈકી કયા વાક્યો ખરા છે ?

____ મનુષ્યનો આત્મા ઈશ્વર પાસેથી આવે છે અને તેની પાસે પાછો જશે.

____ મૃત્યુ પછીના જીવનનું બધું જ્ઞાન ઈશ્વર પાસે છે.

____ વિશ્વાસુ શ્રધ્ધાળુ માટે, મૃત્યુ તો જીવન છે.

____ મૃત્યુ પ્રસન્નતાની સંવાહિકા છે.

____ મૃત્યુના રહસ્યોથી બધા પરિચિત છે.

____ આપણે જીવનની કૃપાઓને ખજાનાની જેમ સાચવવી જોઈએ પરંતું મૃત્યુથી ડરવું જોઈએ નહિ, કારણકે તે આનંદનો સંદેશવાહક છે.

____ મૃત્યુ પછીનું જીવન વિશે જાણવું આપણા માટે મહત્વનું નથી.

૨. હવે, આ વિભાગોમાં આપણે જેનો અભ્યાસ કર્યો છે તેને ધ્યાનમાં રાખીને જીવન, મૃત્યુ, શરીર અને આત્મા વિશે એક ટૂંકો ફકરો લખો. ____________________

## વિભાગ ૯

અબ્દુલબહા સમજાવે છે :

**''તેના જીવનની શરૂઆતમાં મનુષ્ય ગર્ભાશયની દુનિયામાં હતો, જેમાં તેણે આ દુનિયામાં પ્રગતિ કરવા માટે ક્ષમતા અને યોગ્યતાનો વિકાસ કર્યો. આ દુનિયા માટે જરૂરી એવી શક્તિઓ તેણે તે દુનિયામાં પ્રાપ્ત કરી. આ દુનિયામાં તેને આંખની જરૂર હતી; તેણેં તે ગર્ભાશયની દુનિયામાં પ્રાપ્ત કરી. આ દુનિયામાં તેને કાનની જરૂર હતી; તેણેં તે ત્યાં પ્રાપ્ત કર્યા. આ દુનિયા માટે જરૂરી એવી બધી શક્તિઓ તેણેં ગર્ભાશયની દુનિયામાં પ્રાપ્ત કરી. તે દુનિયામાં તે આ દુનિયા માટે તૈયાર થયો, અને જયારે તેણેં આ દુનિયામાં પ્રવેશ કર્યો ત્યારે તેણેં જોયું કે તે બધી જરૂરી શક્તિઓ ધરાવતો હતો અને આ દુનિયા માટે જરૂરી એવા બધા અવયવો અને અંગો તેણે તે દુનિયામાં પ્રાપ્ત કર્યા હતા. તે એમ જણાવે છે કે, આ દુનિયામાં પણ આપણેં આ દુનિયા પછીની દુનિયા માટે તૈયારી કરવી જોઈએ. દિવ્ય લોકમાં તેને જેની જરૂર છે તે તેણેં અહિં પ્રાપ્ત કરવું જોઈએ. જેવી રીતે તેણેં આ દુનિયા માટે જરૂરી શક્તિઓ ગર્ભાશયની દુનિયામાં પ્રાપ્ત કરી હતી, એવી જ રીતે, તેણેં તેને - એટલે કે, બધી સ્વર્ગીય શક્તિઓ આ દુનિયામાં પ્રાપ્ત કરવી જોઈએ જેની તેને દિવ્ય લોકમાં જરૂર પડશે.''[૧૪]**

૧. નીચેના પૈકી કયા વાક્યો ખરા છે ?

____ આ દુનિયા માટે જરૂરી એવી બધી શક્તિઓ ગર્ભાશયની દુનિયામાં પ્રાપ્ત કરવામાં આવે છે.

____ બીજી દુનિયામાં આપણા જીવન માટે પોતાની જાતને તૈયાર કરવાની જરૂર નથી.

____ દિવ્ય લોકમાં આપણને જેની જરૂર છે તેને આપણે ત્યાં પ્રાપ્ત કરવું જોઈએ.

____ આ જીવનનો ઉદ્દેશ બીજી દુનિયામાં જીવન માટે જરૂરી શક્તિઓ પ્રાપ્ત કરવાનો છે.

____ જયારે વ્યક્તિ મૃત્યુ પામે છે અને દિવ્ય લોકમાં જાય છે ત્યારે સાચુ જીવનની શરૂઆત થાય છે.

____ સાચું જીવન આ દુનિયામાં શરૂ થાય છે અને શારીરિક મૃત્યુ પછી ચાલુ રહે છે.

૨. એવી કેટલીક ક્ષમતાઓ કઈ છે જેને મનુષ્ય ગર્ભાશયની દુનિયામાં પ્રાપ્ત કરે છે ? ________________

________________________________________________

________________________________________________

૩. એવી કેટલીક બક્ષીશો કઈ છે જેને મૃત્યુ પછીના જીવન માટે અહિં પ્રાપ્ત કરવી જોઈએ ? ____________

________________________________________________

________________________________________________

## વિભાગ ૧૦

બહાઉલ્લાહ ઘોષિત કરે છે :

**''આ 'દિવસ'માં વ્યક્તિનું પરમ કર્તવ્ય છે કૃપાના પુરમાંથી હિસ્સો પ્રાપ્ત કરવાનો જે ઈશ્વર તેના માટે વરસાવે છે. કોઈને પણ પાત્રની વિશાળતા કે લઘુતા વિશે વિચાર નહિ કરવા દો. કેટલાકનો હિસ્સો હથેળી ભર હોઈ શકે છે, બીજાઓના હિસ્સાથી એક કપ ભરાઈ શકે છે તથા અન્ય કેટલાકનો હિસ્સો ગેલનના પ્રમાણમાં હોઈ શકે છે.''[૧૫]**

૧. ઉપરોક્ત અવતરણના પ્રકાશમાં, નીચેના પ્રશ્નોના જવાબ આપો :

ક. આ દિવસમાં દરેક વ્યક્તિનું કર્તવ્ય શું છે? ____________________

____________________

ખ. એવા કેટલાક આશીર્વાદો કયા છે જેને તમે ઈશ્વર તરફથી પ્રાપ્ત કર્યા છે? ____________________

____________________

____________________

ગ. ઉપરોક્ત અવતરણમાં ''પાત્ર'' નામનો શબ્દ શેનો સંદર્ભ આપે છે? ____________________

____________________

ઘ. આપણે જે ક્ષમતાઓથી આશીર્વાદિત છીએ તેની ''વિશાળતા અને લઘુતા'' વિશે શા માટે આપણે વિચાર નહિ કરવો જોઈએ? ____________________

____________________

____________________

____________________

ચ. એવી કેટલીક ચીજો કઈ છે જે ઈશ્વરની કૃપામાંથી આપણો હિસ્સો પ્રાપ્ત કરવાથી આપણને વંચિત રાખે છે? ____________________

____________________

૨. નીચેના પૈકી કયા વાક્યો ખરા છે?

____ આપણી ક્ષમતાની ''વિશાળતા કે લઘુતા'' આપણે કેટલા હોંશિયાર છીએ તેનો સંદર્ભ આપે છે.

____ ઈશ્વરની સેવા કરવા માટે, આપણને આપણી કમજોરીઓને ભુલી જવાની અને તેનામાં સંપૂર્ણ વિશ્વાસ રાખવાની જરૂર છે.

____ ઈશ્વરે જે ક્ષમતાઓનો આપણને આશીર્વાદ આપ્યો છે તેનો જો આપણે આ દુનિયામાં વિકાસ નહિ કરીએ તો, જયારે આપણો આત્મા બીજી દુનિયામાં પ્રવેશ કરશે ત્યારે તે કમજોર રહેશે.

# વિભાગ ૧૧

**''તમે મને આત્માની પ્રકૃતિના સંદર્ભમાં પુછયું છે. ખરેખર તમે સમજી લો કે આત્મા ઈશ્વરનું એક ચિન્હ છે, એવું એક સ્વર્ગીય રત્ન છે જેની વાસ્તવિકતા સમજવા મહાજ્ઞાની લોકો પણ નિષ્ફળ રહ્યા છે, અને ગમે તેટલું તેજ હોવા છતાં કોઈપણ મગજ તેનું રહસ્ય ઉકેલવાની અપેક્ષા રાખી શકે નહિ. તેના સર્જનહારની શ્રેષ્ઠતાની ઘોષણા કરવામાં તે સમસ્ત સર્જીત વસ્તુઓમાં પ્રથમ છે, તેની મહિમા ઓળખવા, તેના સત્યનો સ્વીકાર કરવા તથા તેની સમક્ષ નતમસ્તક થવામાં તે પ્રથમ છે.''[૧૬]**

૧. નીચે આપેલા વાક્યોમાં ખાલી જગ્યા પુરો.

ક. આત્મા ઈશ્વરનું ____________ છે.

ખ. આત્મા એક ________________ છે જેની ________________ સમજવા મહાજ્ઞાની લોકો પણ નિષ્ફળ રહ્યા છે, અને ગમે તેટલું તેજ હોવા છતાં કોઈપણ મગજ તેનું ______________ ____________ ની અપેક્ષા રાખી શકે નહિ.

ગ. આત્મા તેના ___________________ ની ઘોષણા કરવામાં સમસ્ત સર્જીત વસ્તુઓમાં __________ છે.

ઘ. આત્મા ઈશ્વરની મહિમા ____________ માં પ્રથમ છે.

ચ. આત્મા ઈશ્વરના સત્યનો ____________ કરવામાં પ્રથમ છે.

છ. આત્મા ઈશ્વર સમક્ષ ____________ થવામાં પ્રથમ છે.

૨. નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ?

___ ''ઉકેલવું'' એટલે સમજવું.

___ સમસ્ત સર્જિત વસ્તુઓમાંથી, ઈશ્વરને ઓળખવામાં માનવ મગજ સર્વપ્રથમ છે.

___ ''તેજ'' એટલે હોશિયાર.

___ એક જ્ઞાની વ્યક્તિ આત્માના રહસ્યો સમજે છે.

___ માત્ર મહાન તત્વજ્ઞાનીઓ જ ઈશ્વરની શ્રેષ્ઠતાની ઘોષણા કરી શકે છે.

___ આત્મા વિશે વિચાર કરવું જરૂરી નથી કારણકે આપણે તેના વિશે કદી સમજી શકવાના નથી.

# વિભાગ ૧૨

બહાઉલ્લાહ કહે છે :

**''તમે એવા પક્ષી સમાન છો જે તેની શક્તિશાળી પાંખોની પુરેપુરી શક્તિ તથા સંપૂર્ણ અને આનંદદાયક વિશ્વાસ સાથે, જયાં સુધી તેને ભૂખ સંતોષવાની ફરજ નહિ પડે ત્યાં સુધી આકાશની વિશાળતામાં વિહાર કરે છે, તે તીવ્ર ઈચ્છા સાથે નીચે પાણી અને માટી તરફ વળે છે, અને તેની ઈચ્છાની જાળમાં ફસાઈને તે જે સામ્રાજ્યમાંથી આવ્યુ હતું તેના તરફ ઉડાન કરવા માટે સ્વયં અશક્ત અનુભવે છે. પોતાની કલંકિત પાંખો પર લદાયેલા ભારથી મુક્ત થવા માટે શક્તિહિન, તે પક્ષી અત્યાર સુધી આકાશમાં રહેનારુ હતું તેને હવે માટી પર નિવાસસ્થાન શોધવાની ફરજ પડી છે. તેથી, હે મારા સેવકો, તમારી પાંખોને ભ્રમ તથા વ્યર્થ ઈચ્છાઓથી અપવિત્ર ન કરો અને તેને ઈર્ષા તથા ધિક્કારની માટીથી દુષિત નહિ થવા દો, જેથી મારા દિવ્ય જ્ઞાનના સ્વર્ગમાં વિહાર કરવા તને બાધારૂપ ન બને.''[૧૭]**

૧. નીચેના વાક્યો પુરા કરો :

ક. બહાઉલ્લાહ આ અવતરણમાં જે પક્ષીનો સંદર્ભ આપે છે તે ___________છે.

ખ. આ પક્ષી ____________ નું નિવાસી છે.

ગ. જો તેની પાંખો કલંકિત છે તો, પક્ષીને ___________ નિવાસસ્થાન શોધવાની ફરજ પડે છે.

૨. હવે નીચેના પ્રશ્નોના જવાબ આપો :

ક. કેવી રીતે આત્માની ''પાંખો'' કલંકિત થાય છે ? ____________________

____________________

____________________

ખ. એવો કેટલોક ભાર કયો છે જે ''ધરતી પરની માટી અને પાણી'' ની જેમ આત્માની પાંખો ઉપર લદાયેલો હોય છે ? ____________________

____________________

____________________

ખ. એવી કેટલીક ચીજો કઈ છે જે આપણને દિવ્ય જ્ઞાનના આકાશમાં વિહાર કરતાં અટકાવી શકે છે ?

____________________

____________________

____________________

ગ. શા માટે એક આત્મા સ્વર્ગીય નિવાસસ્થાન માટે આ દુનિયાની માટીની અદલાબદલી કરે છે ? ____

____________________

____________________

૩. નીચેના પૈકી કયા વાક્યો ખરા છે તે નક્કી કરો :

____ દુન્યવી મોહમાયા આપણી આધ્યાત્મિક પ્રગતિને અવરોધે છે.

____ આપણી પથભ્રષ્ટતા અને વ્યર્થ ઈચ્છાઓ આપણને દિવ્ય જ્ઞાનના આકાશમાં ઉડવાથી દૂર રાખે છે.

____ ઈર્ષા અને તિરસ્કાર માનવ જીવનના સહજ લક્ષણો છે અને તે આત્મા માટે ભારરૂપ નથી.

____ આ દુનિયાની ચીજોથી આપણી જાતને અનાસક્ત કરીને આપણે એવી બાધાઓમાંથી છૂટકારો મેળવી શકીએ છીએ જે આપણને સ્વર્ગની વિશાળતામાં વિહાર કરવાથી દૂર રાખે છે.

____ આત્માનું ઘર આ દુનિયામાં છે.

# વિભાગ ૧૩

બહાઉલ્લાહ કહે છે :

**''આ દુનિયા અને તેમાં જે રહે છે અને વિચરણ કરે છે તેનું સર્જન કરીને, તેણેં, તેની અપ્રતિબાધિત અને સર્વોપરિ ઈચ્છાની પ્રત્યક્ષ કામગીરી દ્વારા, તેને ઓળખવા અને તેને પ્રેમ કરવાની અદ્‌ભૂત વિશિષ્ટતા અને ક્ષમતાનો આશીર્વાદ આપવા માટે મનુષ્યની પસંદગી કરી - એક એવી ક્ષમતા કે જેનો સર્જનાત્મક પ્રેરણા અને સંપૂર્ણ સર્જન માટેનો આધારભૂત એવો પ્રાથમિક ઉદ્દેશ તરિકે વિચાર કરવો જોઈએ... દરેક સર્જિત**

**વસ્તુની અંતરતમ વાસ્તવિકતા ઉપર તેણેં તેના નામો પૈકી એક નામનો પ્રકાશ પાડયો છે, અને તેને તેના ગુણો પૈકી એકની મહિમાનો પ્રાપ્તકર્તા બનાવ્યો છે. પરંતું, માનવી ઉપર તેણે તેના બધા નામો અને ગુણોનું તેજ કેન્દ્રિત કર્યું છે, અને તેણેં તેની પોતાની જાતનો એક અરિસો બનાવ્યો છે. બધી સર્જિત ચીજોમાંથી એકમાત્ર મનુષ્યની જ એટલી મહાન કૃપા, એટલી અનંત બક્ષીસ માટે પસંદગી કરવામાં આવી છે.''**[૧૮]

૧. નીચે આપેલી ખાલી જગ્યા પુરો.

ક. ઈશ્વરે તેને ________________ ની અદ્‌ભૂત વિશિષ્ટતા અને ક્ષમતાનો આશીર્વાદ આપવા માટે મનુષ્યની પસંદગી કરી છે

ખ. ____________ સર્જિત વસ્તુની અંતરતમ વાસ્તવિકતા ઉપર તેણેં તેના નામો પૈકી એક નામનો પ્રકાશ પાડયો છે, અને તેને તેના ગુણો પૈકી એકની મહિમાનો ____________ બનાવ્યો છે.

ગ. માનવી ઉપર તેણે તેના ________________ નું તેજ કેન્દ્રિત કર્યું છે, અને તેણેં તેની ____________ નો એક અરિસો બનાવ્યો છે.

૨. હવે નીચેના પ્રશ્નોના જવાબ આપો :

ક. શું તમે ઈશ્વરના કેટલાક નામોનો ઉલ્લેખ કરી શકો છો ?________________

________________________________________

________________________________________

ખ. ઈશ્વરના કેટલાક ગુણો કયા છે જેને માનવ આત્મા પ્રગટ કરી શકે છે ?____________

________________________________________

________________________________________

ગ. આ ગુણોને કેવી રીતે પ્રગટ કરી શકાય છે ?________________

________________________________________

________________________________________

ઘ. કઈ વિશિષ્ટ કૃપા માટે એકમાત્ર મનુષ્યની જ પસંદગી કરવામાં આવી છે ?____________

________________________________________

________________________________________

૩. નીચેના પૈકી કયા વાક્યો ખરા છે ?

____ મનુષ્ય બાકીનું સર્જનથી વિશિષ્ટ નથી.

____ ઈશ્વરને ઓળખવા અને તેને પ્રેમ કરવાની ક્ષમતા એ સર્જનાત્મક પ્રેરણા અને સંપૂર્ણ સર્જન માટેનો આધારભૂત એવો પ્રાથમિક ઉદ્દેશ છે.

____ દરેક સર્જિત વસ્તુની વાસ્તવિકતા ઈશ્વરના ગુણો પૈકી કોઈ એકનો પ્રાપ્તકર્તા છે.

____ મનુષ્ય આત્મા ઈશ્વરના બધા ગુણોને પ્રતિબિંબિત કરી શકે છે.

# વિભાગ ૧૪

બહાઉલ્લાહ કહે છે :

**''આ શક્તિઓ જેનાથી દિવ્ય કૃપાનું દિવ્ય-કિરણ અને સ્વર્ગીય માર્ગદર્શનના સ્ત્રોતે મનુષ્યની વાસ્તવિકતાને પ્રદિપ્ત કરેલ છે, પરંતું તે તેનામાં વિદ્યમાન છે, જેવી રીતે મીણબત્તીમાં જ્યોત છુપાયેલી છે અને પ્રકાશના કિરણો શુષુપ્ત અવસ્થામાં દિવામાં રહેલા છે. આ શક્તિઓનું તેજ દુન્યવી ઈચ્છાઓથી એવી રીતે ઢંકાયેલું હોઈ શકે છે જેવી રીતે સુર્યનો પ્રકાશ ધૂળ અને મેલની નીચે છુપાયેલો હોય છે જે અરિસાને ઢાંકી રાખે છે. નહિ તો મીણબતી કે નહિ દિવો બીજા કોઈની સહાયતા વગર પોતાના જ પ્રયત્નો દ્વારા સળગી શકે છે, કે નહિ અરિસા માટે એ શક્ય છે કે તે કદી તેના ઉપરની ધૂળથી તેની પોતાની રીતે મુક્ત થઈ શકે. આ સ્પષ્ટ અને દેખિતું છે કે જયાં સુંધી આગથી દિવાને સળગાવવામાં નહિ આવે ત્યાં સુંધી તે સળગશે નહિ, અને જયાં સુંધી અરિસા પરથી ધૂળ સાફ કરવામાં નહિ આવે ત્યાં સુંધી તે સુર્યની પ્રતિકૃતિને પ્રગટ કરી શકતો નથી કે નહિ તેનો પ્રકાશ અને મહિમાને પ્રતિબિંબિંત કરી શકતો.''[૧૯]**

૧. ''વિદ્યમાન'' શબ્દનો અર્થ શું છે ? ______________________________

______________________________

૨. એવી કેટલીક શક્તિઓ કઈ છે જે માનવ આત્મામાં વિદ્યમાન છે ? ______________________________

______________________________

______________________________

૩. દિવામાં કઈ ક્ષમતા છે ? ______________________________

૪. અરિસામાં કઈ ક્ષમતા છે ? ______________________________

૫. તમારે દિવા સાથે શું કરવાનું હોય છે જેથી તે પ્રકાશ આપી શકે ? ______________________________

______________________________

૬. તમારે અરિસા સાથે શું કરવાનું હોય છે જેથી તે પ્રકાશને પ્રતિબિંબિત કરી શકે ? ______________________________

______________________________

૭. શું દિવો અને અરિસો પોતાની જાતે જ તેમની શુષુપ્ત ક્ષમતાઓને પ્રગટ કરી શકે છે ? ______________________________

૮. આ બે ઉદાહરણોને કેવી રીતે આપણે આત્માની પરિસ્થિતિ સાથે સરખાવી શકીએ છીએ ? ______________________________

______________________________

______________________________

______________________________

૯. મનુષ્ય આત્માને કોણ તેની શુષુપ્ત ક્ષમતાઓને પ્રગટ કરવા યોગ્ય બનાવી શકે છે ? ______________________________

______________________________

# વિભાગ ૧૫

બહાઉલ્લાહ કહે છે :

**''પ્રાચિનત્તમ અસ્તિત્વના જ્ઞાનનું દ્વાર માનવી માટે હંમેશા બંધ રહ્યું છે અને હંમેશા બંધ રહેશે. કોઈપણ માનવીની સમજ કયારેય પણ તેના પવિત્ર દરબાર સુંધી પહોંચી શકશે નહિ. આમ છતાં, તેની દયાનું પ્રતિક અને પ્રેમાળ-કરૂણાની સાબિતી રૂપે મનુષ્ય સમક્ષ ઈશ્વરે તેના દિવ્ય માર્ગદર્શનના દિવ્ય-કિરણો, તેની દિવ્ય એક્તાના ચિન્હો પ્રગટ કર્યા છે અને આ પવિત્ર આત્માઓના જ્ઞાનને પોતાના જ જ્ઞાનથી વિભૂષિત કરેલ છે. જે કોઈ તેમનો સ્વીકાર કરે છે તેણે ઈશ્વરનો સ્વીકાર કર્યો છે. જે કોઈએ તેમનું આહ્વવાન સાંભળ્યું છે તેમણે પ્રભુનો અવાજ સાંભળ્યો છે અને જે કોઈએ તેમના પ્રગટીકરણના સત્યનો સ્વીકાર કર્યો છે તેમણે સ્વયં પ્રભુના સત્યનો સ્વીકાર કર્યો છે. જે કોઈ તેમનાથી વિમુખ થાય છે તેઓ ઈશ્વરથી વિમુખ થાય છે અને જેમણે તેમનામાં અવિશ્વાસ વ્યક્ત કર્યો છે તેમણે ઈશ્વરમાં અવિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમના પૈકી દરેક અવતાર ઈશ્વરનો માર્ગ છે જે આ દુનિયાને સર્વોચ્ચ સામ્રાજ્ય સાથે અને તેના સત્યના પ્રમાણોને પૃથ્વી અને સ્વર્ગના સામ્રાજ્યોમાં દરેકને એક સાથે જોડે છે. તેઓ માનવી સમક્ષ ઈશ્વરના અવતારો, તેની વાસ્તવિક્તાના પ્રમાણો અને તેની મહિમાના પ્રતિકો છે.''[૨૦]**

૧. ઉપરોક્ત અવતરણોને ધ્યાનમાં રાખીને, નીચેના પ્રશ્નોનો જવાબ આપો :

ક. શું આપણા માટે પ્રત્યક્ષ રીતે ઈશ્વરને ઓળખવું શક્ય છે ?______________________________

ખ. તો પછી, આપણે કેવી રીતે ઈશ્વરને ઓળખી શકીએ છીએ ?______________________________

______________________________________________________________

ગ. શું તમે દિવ્ય માર્ગદર્શનના કેટલાક દિવ્ય-કિરણોના નામ આપી શકો છો ?____________________

______________________________________________________________

ઘ. જેણે ઈશ્વરના અવતારનો અવાજ સાંભળ્યો છે તેણેં કોનો અવાજ સાંભળ્યો છે ? _______________

______________________________________________________________

______________________________________________________________

ચ. જેઓ ઈશ્વરના અવતારોથી વિમુખ થાય છે તેઓ કોનાથી વિમુખ થયા છે ?____________________

______________________________________________________________

૨. નીચેના વાક્યો પુરા કરો :

ક. પ્રાચિનત્તમ અસ્તિત્વના જ્ઞાનનું દ્વાર માનવી માટે હંમેશા ______________ રહ્યું છે અને હંમેશા બંધ રહેશે.

ખ. કોઈપણ માનવીની સમજ કયારેય પણ તેના ______________________ સુંધી પહોંચી શકશે નહિ.

ગ. ઈશ્વર તેની દયાનું ______________ અને પ્રેમાળ-કરૂણાની ______________ રૂપે તેના અવતારોને મોકલે છે.

ઘ. ઈશ્વરના અવતારોનું જ્ઞાન ______________________ સમાન છે.

ચ. જે કોઈ તેમનો સ્વીકાર કરે છે તેણે ____________________________.

છ. જે કોઈએ તેમનું આહ્વવાન સાંભળ્યું છે તેણે ______________________ સાંભળ્યો છે.

જ. તેમના પૈકી દરેક અવતાર ઈશ્વરનો માર્ગ છે જે ________________________________
________________________________________________________________
________________________________________________________________

૩. નીચેના પૈકી કયા વાક્યો ખરા છે ?

____ આપણે માત્ર આપણા જ પ્રયત્નો દ્વારા આધ્યાત્મિક વિકાસ કરી શકીએ છીએ.

____ ઈશ્વરે આપણને મગજ આપ્યું છે, અને તે આપણી પ્રગતિ માટે પર્યાપ્ત છે.

____ આપણે ઈશ્વરના અવતારનો સ્વીકાર કરીને આધ્યાત્મિક પ્રગતિ કરી શકીએ છીએ અને આપણને વધારે પ્રયત્નો કરવાની જરૂર પડશે નહિ.

____ આપણે ઈશ્વરના અવતારનો સ્વીકાર કરી અને તેના શિક્ષણો અનુસાર જીવન જીવવાનો પ્રયત્ન કરીને આધ્યાત્મિક પ્રગતિ કરી શકીએ છીએ.

____ આપણે પ્રત્યક્ષ રીતે ઈશ્વરને ઓળખી શકીએ છીએ.

____ મનુષ્ય એકદમ ઈશ્વર જેવો બની શકે છે.

____ ઈશ્વર મનુષ્યની સમજથી પર છે.

____ જયારે આપણે ઈશ્વરીય અવતારના શબ્દો સાંભળીએ છીએ ત્યારે, આપણે ઈશ્વરનો અવાજ સાંભળીએ છીએ.

# વિભાગ ૧૬

બહાઉલ્લાહ ઘોષિત કરે છે :

**‘‘માનવજાતને સત્યના સીધા માર્ગ તરફ માર્ગદર્શન આપવાના મુખ્ય ઉદ્ધેશથી ઈશ્વરના અવતારો અને સંદેશવાહકોને મોકલવામાં આવે છે. તેમના પ્રગટીકરણનો આધારભૂત ઉદ્ધેશ માનવજાતને કેળવણી આપવાનો છે, જેથી તેઓ, મૃત્યુની ઘડીએ, સંપૂર્ણ પવિત્રતા અને નિર્મળતા તથા અનાસક્તિ સાથે સર્વોચ્ચ સિંહાસન તરફ આરોહણ કરી શકે.’’**[૨૧]

અને બીજા એક અવતરણમાં તેઓ કહે છે :

**‘‘મનુષ્ય સર્વશ્રેષ્ઠ તાવીજ છે. આમ છંતા, ઉચિત કેળવણીના અભાવે તેણે તેની કુદરતી સંપતિથી સ્વયંને વંચિત રાખેલ છે. પ્રભુ-મુખેથી નિકળેલ એક શબ્દ દ્વારા તેને અસ્તિત્વ પ્રદાન કરવામાં આવ્યું હતું; બીજા એક શબ્દ દ્વારા તેના શિક્ષણના સ્ત્રોતને ઓળખવા માટે તેને માર્ગદર્શન આપવામાં આવ્યું અને અન્ય એક શબ્દ દ્વારા તેનું સ્થાન તથા ભાવિ સુરક્ષિત કરવામાં આવ્યું. પરમ અસ્તિત્વ કહે છે : મનુષ્યને અમુલ્ય રત્નોથી સમૃદ્ધ એક ખાણ સમાન સમજો. એક માત્ર કેળવણી જ તેના ખજાનાઓ પ્રગટ કરવાનું તથા તેમાંથી લાભ પ્રાપ્ત કરવા માનવજાતને સક્ષમ બનાવવાનું કારણ બની શકે છે. જો કોઈ વ્યક્તિ ઈશ્વરની પાવન ઈચ્છાના સ્વર્ગમાંથી મોકલવામાં આવેલા પવિત્ર ગ્રંથોમાં જે પ્રગટ કરવામાં આવ્યું છે તેના ઉપર ચિંતન કરશે તો તે તરત જ સ્વીકારી લેશે કે તેનો હેતુ એક જ છે કે, બધા માનવીઓને એક આત્મા તરીકે વિચારવામાં આવે, જેથી ‘સામ્રાજ્ય પ્રભુનું છે’ આ શબ્દોની મહોર દરેક હૃદય પર અંકિત થઈ જાય તથા દિવ્ય ઉદારતા, દયા અને કૃપાનો પ્રકાશ સમસ્ત માનવજાતને આવરી લે.’’**[૨૨]

૧. કયા ઉદ્દેશ માટે ઈશ્વરના અવતારો અને સંદેશવાહકોને મોકલવામાં આવે છે ? ________________

________________________________

________________________________

૨. તેમના પ્રગટીકરણનો આધારભૂત ઉદ્દેશ શું છે ? ________________

________________________________

________________________________

________________________________

૩. ''તાવીજ'' શબ્દનો અર્થ શું છે ? ________________

________________________________

૪. ઉચિત કેળવણીના અભાવના પરિણામો શું છે ? ________________

________________________________

૫. ઉચિત કેળવણી શેનું કારણ બની શકે છે ? ________________

________________________________

________________________________

૬. આપણા શિક્ષણનો સ્ત્રોત શું છે ? ________________

૭. આપણું ભાવિ શું છે ? ________________

________________________________

૮. એવા કેટલાક રત્નો કયા છે જેને કેળવણી પ્રગટ કરે છે ? ________________

________________________________

૯. જ્યારે આપણે પવિત્ર લખાણો ઉપર મનન કરીએ છીએ ત્યારે શેનો સ્વીકાર કરીએ છીએ ? ________________

________________________________

________________________________

________________________________

________________________________

## વિભાગ ૧૭

બહાઉલ્લાહ કહે છે :

**''તમે મને શરીરથી અલગ થયા પછીની આત્માની સ્થિતિના અનુસંધાનમાં પુછયું છે. તમે આ સત્ય સમજી લો કે, જો મનુષ્યના આત્માએ ઈશ્વરીય માર્ગનું અનુસરણ કર્યું છે તો તે ચોક્કસપણે ઈશ્વર તરફ પાછો**

**જશે અને પ્રિયતમની કીર્તિ પ્રાપ્ત કરશે. ઈશ્વરના ન્યાયની સોગંદ ! તે એવું સ્થાન પ્રાપ્ત કરશે જેનું કલમ ચિત્રણ કરી શકતી નથી કે કોઈ વાણી વર્ણન કરી શકતી નથી. તે આત્મા જે પ્રભુધર્મને વફાદાર રહ્યો છે અને તેના માર્ગમાં અડગપણે દ્રઢ રહ્યો છે તે તેના સ્વર્ગારોહણ પછી એવી શક્તિ પ્રાપ્ત કરશે કે જેનાથી સર્વશક્તિમાન દ્વારા સર્જિત બધી દુનિયાઓ લાભ પ્રાપ્ત કરશે.''**[૨૩]

૧. નીચેના વાક્યો પુરા કરો :

ક. જો એક આત્માએ ઈશ્વરીય માર્ગનું અનુસરણ કર્યું છે તો ______________________________

______________________________________________

ખ. તે એવું સ્થાન પ્રાપ્ત કરશે જેનું ______________________________________

______________________

ગ. તે __________જે પ્રભુધર્મને __________ રહ્યો છે અને તેના _______માં અડગપણે _______ રહ્યો છે તે તેના _____________ પછી એવી _________ પ્રાપ્ત કરશે કે તેનાથી સર્વશક્તિમાન દ્વારા સર્જિત ____________________લાભ પ્રાપ્ત કરશે.

# વિભાગ ૧૮

બહાઉલ્લાહ આપણને કહે છે :

**''આશીર્વાદિત છે તે આત્મા જે તેની દેહ વિસર્જનની ઘડીએ આ દુનિયાના લોકોની વ્યર્થ કલ્પનાઓથી નિર્મળ છે. આવો આત્મા તેના સર્જનહારની ઈચ્છા મુજબ અમર રહે છે, પ્રગતિ કરે છે અને સર્વોચ્ચ સ્વર્ગમાં પ્રવેશ કરે છે. સ્વર્ગની પરીઓ, સર્વોચ્ચ સ્વર્ગના નિવાસીઓ તેની આજુબાજુ રહેશે અને ઈશ્વરના અવતારો તથા તેમના ચુનિંદા જનો તેની સોબતની કામના કરશે. સર્વ લોકના સ્વામી ઈશ્વરના માર્ગમાં તેણે જે સહન કર્યું છે તેના વિશે તે આત્મા તેમની સાથે મુક્તપણે વાર્તાલાપ કરશે અને વિગતવાર વર્ણન કરશે.''**[૨૪]

**''તેણે પાપીઓને ક્ષમા આપવી જોઈએ અને તેમની નિમ્ન સ્થિતિ પ્રત્યે તિરસ્કાર કરવો જોઈએ નહિ કારણ કે પોતાનો અંત કેવો હશે તેના વિશે કોઈ જાણતું નથી. કેટલી વખત, મૃત્યુની ઘડીએ એક પાપીએ વિશ્વાસનું સત્વ પ્રાપ્ત કર્યું છે અને અમર અમૃતનો ઘુંટ તેની ઉડાનને સ્વર્ગ લોકના નિવાસીઓ તરફ લઈ ગયો છે ! અને કેટલી વખત, એક ધર્મનિષ્ઠ શ્રધ્ધાળુ તેના આત્માની આરોહણની ઘડીએ લપસી ગયો છે અને નર્કની જ્વાળામાં સપડાઈ ગયો છે !''**[૨૫]

૧. આપણો આત્મા જયારે શરીરથી અલગ થાય ત્યારે તેની સ્થિતિ કેવી હોઈ જોઈએ ? ______________

______________________________________________

______________________________________________

૨. કેટલીક વ્યર્થ કલ્પનાઓ કઈ છે ? ______________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

૩. જે આત્મા વ્યર્થ કલ્પનાઓથી નિર્મળ હોય છે તે મૃત્યુ પછી કેવી રીતે રહે છે અને આગળ વધે છે ? ______

૪. એવા આત્માના સાથીઓ કોણ હશે ? ______

૫. શું આવો આત્મા ઈશ્વરના અવતારો અને તેના ચુનિંદા જનો સાથે વાર્તાલાપ કરશે ? ______

૬. શું આપણે પહેલાંથી જ જાણતા હોઈએ છીએ કે આપણા દુન્યવી જીવનનો અંત કેવી રીતે અને કયારે થશે ?

૭. આપણા માટે નિયત શાશ્વત જીવન પ્રાપ્ત કરવા માટે હાલમાં આપણેં શું કરી શકીએ છીએ ? ______

## વિભાગ ૧૯

અબ્દુલબહા સમજાવે છે :

**''આ મૂળભૂત રચના (દેહ) છોડયા પછી મનુષ્યની ચેતના જીવિત રહે છે, તે અસ્તિત્વ ધરાવતી બીજી બધી ચીજોની જેમ, નિ:શક પ્રગતિ કરવા માટે સક્ષમ છે, અને તેથી એક વ્યક્તિ ગતાત્માની પ્રગતિ માટે, ક્ષમા માટે કે તેને દિવ્ય કૃપા, બક્ષિસ અને દયાના પ્રાપ્તકર્તા બનાવવા માટે  પ્રાર્થના કરી શકે છે. તેથી, બહાઉલ્લાહની પ્રાર્થનાઓમાં, તેમના માટે ઈશ્વરની ક્ષમા અને માફીની યાચના કરવામાં આવે છે જેમણેં બીજી દુનિયામાં આરોહણ કર્યું છે. વધુમાં, જેવી રીતે આ દુનિયામાં લોકોને ઈશ્વરની જરૂર છે, એવી જ રીતે તેમને બીજી દુનિયામાં તેની જરૂર છે. સર્જિત જીવોને હંમેશા તેની જરૂર છે, અને ઈશ્વર તેમનાથી સંપૂર્ણપણે સ્વતંત્ર છે, પછી તે આ લોકમાં હોય કે પર લોકમાં.''[૨૬]**

૧. શા માટે આપણે ગતાત્મા માટે પ્રાર્થના કરીએ છીએ ? ______

# વિભાગ ૨૦

અબ્દુલબહા લખે છે :

**''મનુષ્યનો આત્મા જયારે માટીના આ ક્ષણિક ઢગલામાંથી ઈશ્વરીય લોકમાં ઉડાન ભરશે, ત્યારે પડદાઓ દૂર થઈ જશે, અને વાસ્તવિકતાઓ પ્રકાશમાં આવશે, અને એવી બધી ચીજો જે પહેલાં અજાણ હતી તે સ્પષ્ટ થઈ જશે, અને ગૂઢ તથ્યો સમજમાં આવશે.**

**''ગર્ભાશયની દુનિયામાં રહેલા એક જીવન વિશે વિચાર કરો, તે કાનથી બહેરૂ અને આંખે આંધળું, અને જીભે ગુંગું હતું; કેવી રીતે તે કોઈપણ બોધ(સમજ) થી વંચિત હતું. પરંતું એક વાર, આ અંધકારમય દુનિયામાંથી બહાર આવી ગયા પછી, તે પ્રકાશની આ દુનિયામાં આવ્યું, તેના પછી તેની આંખો જોવા લાગી, તેના કાન સાંભળવા લાગ્યા, તેની જીભ બોલવા લાગી. એવી જ રીતે, એક વાર તે આ નશ્વર દુનિયામાંથી ઈશ્વરીય લોકમાં જશે, ત્યારે તેનો ચેતનામાં જન્મ થશે; તેના પછી તેની બોધ(સમજ)ની આંખો ખુલી જશે, તેના આત્માના કાન સાંભળશે, અને એવા બધા સત્યો જેનાથી તે પહેલાં અજાણ હતો તે તેની સમક્ષ ખુલ્લા અને સ્પષ્ટ કરી દેવામાં આવશે.''[૨૭]**

૧. નીચેની ખાલી જગ્યા પુરો :

ક. મનુષ્યનો આત્મા જયારે આ દુનિયા છોડી જશે,

— ત્યારે પડદાઓ ____________________________ ,

— વાસ્તવિકતાઓ____________________________________ ,

— અને એવી બધી ચીજો જે પહેલાં અજાણ હતી તે ______________________ .

ખ. ગર્ભાશયની દુનિયામાં આપણે કાનથી ____________ અને આંખથી ____________ અને જીભથી ____________ હતા.

ગ. આપણો જયારે આ દુનિયામાં જન્મ થયો ત્યારે આપણી આંખો ____________ લાગી, આપણા કાન ____________ લાગ્યા, અને આપણી જીભ ____________ લાગી.

ઘ. એવી જ રીતે જયારે આપણે ઈશ્વરીય લોકમાં જઈશું, ત્યારે આપણો ____________માં ____________ થશે.

ચ. તેના પછી આપણી ____________ની આંખો ખુલી જશે,આપણા ____________ના કાન સાંભળશે, અને એવા બધા __________ જેનાથી આપણે પહેલાં અજાણ હતા તે આપણી સમક્ષ ____________ અને ____________ કરી દેવામાં આવશે.

૨. નીચેના વિધાનો ખરા છે કે નહિ તે નક્કી કરો :

____ જયારે આપણે ગર્ભાશયની દુનિયામાં હોઈએ છીએ ત્યારે આપણે આ દુનિયા વિશે જાણીએ છીએ.

____ મૃત્યુ પછીની આપણી પરિસ્થિતિ એક એવું સત્ય છે જે આ જીવનમાં આપણા માટે છુપાયેલું છે.

____ મૃત્યુ પછી સંપૂર્ણપણે નવી, એવી ક્ષિતિજો આપણી સમક્ષ ખુલ્લી થશે.

____ જયારે આપણું મૃત્યુ થાય છે ત્યારે, પુન:જન્મ માટે આપણે આ દુનિયામાં પાછા આવીએ છીએ.

## વિભાગ ૨૧

બહાઉલ્લાહ કહે છે:

**''અને હવે તમારા પ્રશ્નના સંદર્ભમાં કે શરીરથી અલગ થયા બાદ માનવ આત્મા એકબીજા પ્રત્યે સભાન રહેશે કે નહિ? તમે જાણો કે 'બહા'ના લોકોના આત્માઓ, જેમણે રકતવર્ણી નૌકા (દિવ્ય સુરક્ષાકવચ) માં પ્રવેશ કર્યો છે અને તેમાં નિવાસ કરે છે, તેઓ ગાઢપણે એકબીજાની સાથે રહેશે તથા વાર્તાલાપ કરશે અને એક જ આત્માની જેમ તેમનું જીવન, તેમની ભાવનાઓ, તેમના ઉદ્ધેશો તથા તેમના પ્રયત્નોમાં તેમની સાથે સંકળાયેલી રહેશે. તેઓ ખરેખર એવા છે જેઓ સુપરિચિત, અંતઃદૃષ્ટિ સંપન્ન તથા સમજદારીથી વિભૂષિત છે. આવી જ આજ્ઞા તેમની છે જેઓ સર્વબુદ્ધિમાન, સર્વજ્ઞાતા છે.**

**''બહા'ના લાકો જેઓ ઈશ્વરની નૌકા (દિવ્ય સુરક્ષાકવચ) ના રહેવાસી છે, તેઓ બધા એકબીજાનું સ્થાન અને તેમની સ્થિતિ વિશે સભાન છે તથા તેઓ તેમની મિત્રતા અને ભાઈચારાના બંધનોમાં સંગઠિત છે. આમ છતાં, આ સ્થિતિ તેમનો વિશ્વાસ અને આચરણ પર નિર્ભર છે. જેઓ એક સમાન સ્તર અને સ્થાન ધરાવે છે તેઓ એકબીજાની ક્ષમતા, ચરિત્ર, ઉપલબ્ધિઓ અને પુરસ્કારોથી સંપૂર્ણપણે સુપરિચિત છે. જેઓ નિમ્ન સ્તરના છે તેઓ તેમના કરતાં ઉચ્ચ સ્તરના છે તેમનું સ્થાન અને તેમના પુરસ્કારોનું મુલ્ય સમજવા અક્ષમ છે. દરેક આત્મા ઈશ્વર તરફથી તેનો હિસ્સો પ્રાપ્ત કરશે. આશીર્વાદિત છે તે મનુષ્ય જે ઈશ્વર તરફ ઉન્મુખ થયો છે અને તેના આત્માએ સર્વસત્તાધિશ, પરમ શક્તિશાળી, સર્વક્ષમાશીલ, સર્વદયામય એવા ઈશ્વર તરફ ઉડાન ભરી છે ત્યાં સુધી તેના પ્રેમમાં અડગ રહ્યો છે.''**[૨૮]

૧. શું આપણે બીજી દુનિયામાં એવા લોકોને ઓળખીશું જેમને આપણે આ દુનિયામાં ઓળખીએ છીએ? ____

____________________

૨. બીજી દુનિયામાં આત્માઓ વચ્ચેનો સંબંધ કેટલો ગાઢ હશે? ____________________

____________________

૩. બીજી દુનિયામાં આત્માઓ વચ્ચેના તફાવતો અને વિશિષ્ટતાઓ શેના ઉપર નિર્ભર હશે? __________

____________________

____________________

૪. શું કોઈ ઈશ્વરની કૃપાથી વંચિત રહેશે? ____________________

## વિભાગ ૨૨

બહાઉલ્લાહ આપણને ઉપદેશ આપે છે:

**''હે મારા સેવકો! દુઃખી ન થાઓ, જો આ દિવસોમાં આ દુન્યવી ભુમિ પર ઈશ્વર દ્વારા આદેશિત અને પ્રગટીત બાબતો તમારી ઈચ્છાની વિરુદ્ધ હોય, કારણ કે આશિષપૂર્ણ પ્રસન્નતા, સ્વર્ગીય આનંદના દિવસો નિઃશક તમારા માટે સુરક્ષિત છે. પવિત્ર અને આધ્યાત્મિક રીતે કિર્તિમાન સામ્રાજ્યો તમારી આંખો સમક્ષ પ્રગટ કરવામાં આવશે. આ લોક અને પરલોકમાં તેનો લાભ પ્રાપ્ત કરવા, તેના આનંદના હિસ્સેદાર બનવા તથા તેની અવિરત કૃપાનો હિસ્સો પ્રાપ્ત કરવા ઈશ્વર દ્વારા તારૂ ભાવિ નિયત થઈ ગયું છે. નિઃસંદેહ, તેને તું પ્રાપ્ત કરશે.''**[૨૯]

૧. નીચેના વિધાનો ખરા છે કે નહિ તે નક્કી કરો :

____ જો કોઈ બાબત આપણી ઈચ્છા મુજબ થતી ન હોય તો આપણે દુ :ખી થવું જોઈએ.

____ સારૂ કે ખરાબ, બધું જ ઈશ્વર દ્વારા આદેશિત છે.

____ સ્વર્ગીય આનંદના દિવસો આપણા બધાની રાહ જોઈ રહ્યા છે.

____ નિશ્ચિતપણે આપણેં પવિત્ર અને આધ્યાત્મિક રીતે કિર્તીમાન સામ્રાજ્યો જોઈ શકીશું.

____ આ જીવન અને હવે પછીના જીવનમાં આપણા માટે નિયત એવા સામ્રાજયોના આપણે લાભો પ્રાપ્ત કરીશુ જે પવિત્ર અને આધ્યાત્મિક રીતે કિર્તીમાન છે.

૨. કોઈ બાબત આપણી ઈચ્છાની વિરૂદ્ધ હોય તો આપણે શા માટે દુ :ખી થવું જોઈએ નહિ ?____________

______________________________

______________________________

______________________________

૩. આ અવતરણમાં બહાઉલ્લાહ આપણને શું વચન આપે છે ?____________

______________________________

______________________________

______________________________

# વિભાગ ૨૩

આ એકમમાં, તમે મનુષ્ય જીવનના અર્થ ઉપર ચિંતન કર્યુ છે. તમે આત્માની પ્રકૃતિ, આ દુનિયામાં જીવનનો ઉદ્વેશ, આધ્યાત્મિક ગુણોનો વિકાસ કરવાની અનિવાર્યતા, અને આપણને કિર્તીમાન અને આનંદથી સભર એવા શાશ્વત જીવનનું જે વચન આપવામાં આવ્યું છે તેના વિશે તમે મોટા પ્રમાણમાં શીખ્યા છે. આ પુસ્તકના બીજા એકમમાં આપણે, બેવડો ઉદ્વેશ - પોતાનો આધ્યાત્મિક અને બૌધિક વિકાસ હાંસલ કરવો તથા સમાજના પરિવર્તનમાં યોગદાન આપવું, વિશે વાત કરી છે. આત્માની પ્રગતિ વિશે તમે જે અંતદૃષ્ટિ પ્રાપ્ત કરી છે તેના પ્રકાશમાં, અહિં ફરીથી તે ખ્યાલ તરફ જવાનો અને આ ઉદ્વેશના બંન્ને તત્વોને હાંસલ કરવાનું મહત્વ વિશે વિચાર કરવાની એક તક છે. તમારા જુથમાં નીચેના વિષયો પરની ચર્ચામાંથી તમારા ચિંતનને લાભ મળી શકે છે.

૧. આધ્યાત્મિક ગુણોનો વિકાસ કરવો
૨. ઈશ્વરના કાયદાનું પાલન કરવું
૩. માનવજાતના કલ્યાણમાં યોગદાન આપવું
૪. સેવાના માર્ગ પર પ્રગતિ કરવી

# સંદર્ભ સૂચી


૧. અબ્દુલબહા દ્વારા ૧૦ નવેમ્બર ૧૯૧૧ ના રોજ આપવામાં આવેલ એક વક્તવ્ય, પેરિસ ટૉક્સમાં છપાયેલ

૨. શોઘી એફેન્દી વતી લિખિત તા. ૧ એપ્રિલ ૧૯૪૭ ના રોજ લિખિત એક પત્રમાંથી

૩. વિશ્વ ન્યાય મંદિર વતી લિખિત તા. ૨૮ જુલાઈ ૨૦૧૬ ના રોજ લિખિત એક પત્રમાંથી

૪. અબ્દુલબહા, સમ આન્સ્વર્ડ ક્વશ્ચેન્સમાંથી

૫. અબ્દુલબહા, સમ આન્સ્વર્ડ ક્વશ્ચેન્સમાંથી

૬. અબ્દુલબહા દ્વારા ૯ નવેમ્બર ૧૯૧૧ ના રોજ આપવામાં આવેલ એક વક્તવ્ય, પેરિસ ટૉક્સમાં છપાયેલ

૭. શોઘી એફેન્દી વતી લિખિત તા. ૩૧ ડિસેમ્બર ૧૯૩૭ ના રોજ લિખિત એક પત્રમાંથી

૮. ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૮૨

૯. અબ્દુલબહા, સમ આન્સ્વર્ડ ક્વશ્ચેન્સમાંથી

૧૦. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૮૦

૧૧. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૮૧

૧૨. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૧૬૫

૧૩. બહાઉલ્લાહ, ગૂઢ વચનો, અરબી, નં.૩૨

૧૪. અબ્દુલબહા દ્વારા તા. ૬ જુલાઈ ૧૯૧૨ ના રોજ આપેલ વક્તવ્ય, પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ

૧૫. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૫

૧૬. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૮૨

૧૭. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૧૫૩

૧૮. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૨૭

૧૯. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૨૭

૨૦. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૨૧

૨૧. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૮૧

૨૨ 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૧૨૨

૨૩. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૮૨

૨૪. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૮૧

૨૫. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૧૨૫

૨૬. અબ્દુલબહા, સમ આન્સ્વર્ડ ક્વશ્ચેન્સમાંથી

૨૭. સિલેક્શન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા

૨૮. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૮૬

૨૯. 'ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઑફ બહાઉલ્લાહ', નં. ૧૫૩